
# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૧૪



જે જીવ સમ્યક્ત્વ સન્મુખ થયો છે તેને અંતરમાં પોતાનું સમ્યક્ દર્શનરૂપી કાર્ય કરવાનો ઘણો જ હર્ષ છે. એટલે જ તે ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે. પણ પ્રમાદ કરતો નથી. તત્ત્વવિચારનો ઉદ્યમ કરે છે અને એવો જ ઉદ્યમ કરતાં કરતાં કેવળ પોતાના આત્મા વિષે જ આ હું છું એવી અહમ્ બુદ્ધિ થાય ત્યારે સમ્યક્દૃષ્ટિ થાય છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ જિન પ્રશાંત આત્મા મુનિ મહારાજાઓંકે વિંધ્યાચલ પર્વત નગર હૈ, પર્વતકી ગુફાયે વસતિકા (ગૃહ) હૈં. પર્વતકી શિલા શય્યા સમાન હૈ, ચંદ્રમાકી કિરણેં દીપકવત્ હૈ, મૃગ સહચારી હૈ, સર્વભૂતમૈત્રી (દયા) કુલીન સ્ત્રી હૈ, પીનેકા જલ વિજ્ઞાન ઔર તપ ઉત્તમ ભોજન હૈ, વે હી ધન્ય હૈ, ઐસે મુનિરાજ હમકો સંસારરૂપ કર્દમસે નિકલનેકે માર્ગકા ઉપદેશ દેનેવાલે હોં. ૧૪૩૨.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૫ શ્લોક–૨૧)*

✻ જે કર્મ અજ્ઞાની લક્ષ કોટિ ભવો વડે ખપાવે છે, તે કર્મ જ્ઞાની ત્રણ પ્રકારે (મન-વચન-કાયાથી) ગુપ્ત હોવાને લીધે ઉચ્છ્‌વાસમાત્રથી ખપાવે છે. ૧૪૩૩. *(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૨૩૮)*

✻ જો સબ સંસારી જીવોંકી રાત હૈ, ઉસ રાતમેં પરમ તપસ્વી જાગતા હૈ, ઔર જિસમેં સબ સંસારી જીવ જાગ રહે હૈં, ઉસ દશાકો યોગી રાત માનકર યોગ–નિદ્રામેં સોતા હૈ. ૧૪૩૪ *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૪૭)*

✻ અહો! ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્મા, સૂર્યના, ચંદ્રના, કલ્પવૃક્ષના, ચિંતામણિરત્નના, ઉત્તમ કામધેનુના, દેવલોકના, વિદ્વાનના તથા વાસુદેવના અખંડિત ગર્વને ચકચૂર કરતો વિજયવંત—અખંડ પ્રતાપવંત વર્તે છે. ૧૪૩૫.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૭, શ્લોક-૧૨)*

✻ જે અજ્ઞાની જીવ છે તે ઇન્દ્રાદિ ઊંચ પદની અભિલાષા કરે છે, પરંતુ જે સદા સમતારસના રસિયા છે, તે સંસાર સંબંધી કોઈ પણ વસ્તુ ઇચ્છતા નથી. ૧૪૩૬ *(શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ-૧૦)*

✻ જે વડે સુખ ઊપજે વા દુઃખ વિણસે એ કાર્યનું નામ પ્રયોજન છે. એ પ્રયોજનની જેનાથી સિદ્ધિ થાય તે જ આપણું ઇષ્ટ છે. હવે આ અવસરમાં અમને વીતરાગ વિશેષ જ્ઞાનનું હોવું એ જ પ્રયોજન છે, કારણ એનાથી નિરાકુલ સત્ય સુખની પ્રાપ્તિ થાય છે. સર્વ આકુલતારૂપ દુઃખનો નાશ થાય છે. વળી એ પ્રયોજનની સિદ્ધિ શ્રી અરિહંતાદિક વડે થાય છે. ૧૪૩૭.

*(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ. ૧, પાનું–૭)*

❀

વર્ષ–૯
અંક–૧

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૦
September
A.D. 2014




## સંવરના હેતુભૂત દશ ધર્મ

ઉત્તમ ક્ષમા આદિ ધર્મોમાં સ્વગુણની પ્રાપ્તિ તથા પ્રતિપક્ષી દોષની નિવૃત્તિની ભાવના કરવામાં આવે છે માટે આ સંવરના હેતુ છે.

**ઉત્તમ ક્ષમા :** વ્રતશીલનું રક્ષણ, આ લોક અને પરલોકમાં દુઃખનું ન હોવું અને સમસ્ત જગતમાં સમ્માન-સત્કાર થવો આદિ ક્ષમાના ગુણ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો નાશ કરવો આદિ ક્રોધના દોષ છે. આમ વિચારીને ક્ષમા ધારણ કરવી જોઈએ. જો બીજો કોઈ આપણી ઉપર ક્રોધ કરે છે અને ગાળ આપે છે તો વિચાર કરવો જોઈએ કે જો કહેલા દોષો મારામાં વિદ્યમાન છે જ તો તે શું મિથ્યા કહે છે? જો એ દોષ મારામાં વિદ્યમાન નથી તો વિચાર કરવો જોઈએ કે તે જીવ અજ્ઞાનથી એમ કહે છે માટે મારે ક્ષમા જ કરવી જોઈએ.

**ઉત્તમ માર્દવ :** નિરભિમાની અને માર્દવગુણ સહિત વ્યક્તિ ઉપર ગુરુઓનો અનુગ્રહ હોય છે. સાધુજન પણ તેઓને સાધુ માને છે. ગુણના અનુગ્રહથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેનાથી સ્વર્ગાદિ સુખ મળે છે. મલિન મનમાં વ્રત-શીલ આદિ રહેતા નથી એવું જાણી સાધુજન તેને છોડી દે છે. તાત્પર્ય એમ છે કે અહંકાર સમસ્ત વિપદાઓની જડ છે.

**ઉત્તમ આર્જવ :** સરળ હૃદય ગુણોનો આવાસ છે. તેઓ માયાચારથી ડરે છે માયાચારીને નિંદ્યગતિ પ્રાપ્ત થાય છે.

**ઉત્તમ શૌચ :** શુચિ આચારવાળા નિર્લોભ વ્યક્તિનું આ લોકમાં સન્માન થાય છે. વિશ્વાસ આદિ ગુણો તેમાં રહે છે. લોભીના હૃદયમાં ગુણો રહેતા નથી. તે આ લોક અને પરલોકમાં અનેક આપત્તિઓ તથા દુર્ગતિને પ્રાપ્ત થાય છે.

**ઉત્તમ સત્ય :** સમસ્ત ગુણ સમ્પદા સત્ય વ્યક્તિમાં પ્રતીત થાય છે, ખોટું બોલવાવાળાના બંધુજન પણ તિરસ્કાર કરે છે. તેની સાથે કોઈ મિત્રતા કરતું નથી. જીભ છેદન, સર્વસ્વહરણ આદિ દંડ તેને ભોગવવા પડે છે.

**ઉત્તમ સંયમ :** સંયમ આત્માને હિતકારી છે. સંયમી પુરુષની અહીં જ પૂજા થાય છે તો પરલોકની તો વાત જ શું ? અસંયમી જીવ નિરંતર હિંસા આદિ વ્યાપારોમાં લિપ્ત હોવાથી તે અશુભ કર્મોનો સંચય કરે છે.

**ઉત્તમ તપ :** તપથી સમસ્ત અર્થોની સિદ્ધિ થાય છે. તેનાથી ઋદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. તપસ્વીઓના ચરણરજથી પવિત્રસ્થાન તીર્થ બન્યા છે. જેને તપ નથી તેઓ તૃણથી પણ લઘુ છે. સર્વગુણ તેને છોડી દે છે. તે સંસારથી મુક્ત થઈ શકતો નથી.

**ઉત્તમ ત્યાગ :** પરિગ્રહનો ત્યાગ કરવો એ પુરુષ માટે હિતને અર્થે છે. જેમ જેમ તે પરિગ્રહ રહિત થાય છે તેમ તેમ તેને ખેદના કારણો દૂર થતા જાય છે. ખેદ રહિત મનમાં ઉપયોગની એકાગ્રતા અને પુણ્યનો સંચય થાય છે. પરિગ્રહની આશા ઘણી બળવાન છે, તે સમસ્ત દોષોની ઉત્પત્તિનું સ્થાન છે. જેવી રીતે સમુદ્રનો વડવાનલ (અગ્નિ) પાણીથી શાંત થતો નથી તેવી રીતે પરિગ્રહથી આશારૂપી સમુદ્રની તૃપ્તિ થઈ શકતી નથી. આશારૂપી ખાડો ઘણો ઊંડો છે. તેનું પૂર્ણ થવું ઘણું જ કઠણ છે. પ્રતિદિન જે પણ તેમાં નાખવામાં આવે છે તે તેમાં સમાઈ જાય છે, પણ પૂર્ણ થતો નથી.

**ઉત્તમ આકિંચન્ય :** શરીર આદિથી મમત્વ રહિત વ્યક્તિ પરમ સંતોષને પ્રાપ્ત થાય છે. શરીર આદિમાં રાગ કરવાવાળો સદા સંસારમાં પરિભ્રમણ કરે છે.

**ઉત્તમ બ્રહ્મચર્ય :** બ્રહ્મચર્યનું પાલન કરવાવાળાને હિંસા આદિ દોષો લાગતા નથી. નિત્ય ગુરુકુળવાસીને ગુણસમ્પદાઓ પોતાની મેળે પ્રાપ્ત થાય છે. સ્ત્રીવિલાસ–વિભ્રમ આદિથી ઘવાયેલો જીવ અનેક પ્રકારના પાપોનો શિકાર બને છે. સંસારમાં અજિતેન્દ્રિયતા ઘણું અપમાન કરાવે છે.

આ પ્રમાણે ઉત્તમ ક્ષમા આદિ ગુણોનો તથા ક્રોધાદિ દોષોનો વિચાર કરવાથી ક્રોધાદિથી નિવૃત્તિ થતાં તેના નિમિત્તથી થતાં કર્મોનો આસ્રવ રોકાવાથી મહાન સંવર થાય છે.

—શ્રીમદ્ ભટ્ટાકલંકદેવ




# અરિહંત ભગવાનનું સ્વરૂપ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૪-૪-૪૪, સોમવાર)



ભગવાન અરિહંતના સ્વરૂપનું વર્ણન ચાલે છે; કેમકે કલ્યાણઅર્થીને પોતાના કલ્યાણ માટે માનવા યોગ્ય એવા સાચા દેવનું સ્વરૂપ જાણ્યા વિના આત્માનું સાચું સ્વરૂપ જાણી શકાય નહીં. જેને પ્રથમ દેવ–ગુરુના સ્વરૂપમાં જ ગોટો છે તેને ધર્મમાં પણ ગોટો હોય જ.

ભગવાનને શરીર હોવા છતાં આહાર ન હોય. વેદનીયની અસાતા અનંતમાં ભાગે છે પણ આહાર કે આહારની ઈચ્છા નથી; તથા તૃષા નથી એટલે પાણી કે પાણીની ઈચ્છા નથી. એ બે દોષોનું વર્ણન કહેવાયું છે, હવે બીજા દોષોની વ્યાખ્યા કરે છે.

**૩–ભય** :—દેવ નામ ધરાવે અને હાથમાં હથિયાર રહેલું હોય તો તે સાચા દેવ નથી, કેમ કે હથિયાર હોય તો ‘કંઈક ભય છે’ એમ સૂચવે છે અને દેવને ભય હોય નહીં. ભગવાન ભય મુક્ત બિરાજે છે.

પ્રશ્ન :—ભગવાન બીજાની દેખરેખ રાખે ને ?

ઉત્તર :—ભગવાન ત્રણકાળમાં કોઈની દેખરેખ રાખે નહીં. દેખરેખ રાખે કોની? આત્મા તો સ્વતંત્ર પદાર્થ છે. તેનું સ્વરૂપ પરાધીન નથી કે બીજાને દેખરેખ રાખવી પડે. દરેક પોતે પોતાથી જ રક્ષાયેલો છે. ભયના સાત પ્રકાર છે. આલોક, પરલોક, અગુપ્તિ, અરક્ષા, મરણ, વેદના અને આકસ્મિક આ સાત ભય ભગવાનને નથી. ભગવાનને ઈન્દ્રિયજનિત સુખ નથી, શરીર સંબંધી કે સંસાર સંબંધી ભોગનું સુખ નથી, આત્માના જ સુખનો ભોગવટો છે. વળી તેમને ધન, ધાન્ય, સ્ત્રી, કુટુંબ આદિ કોઈ પણ પ્રકારની વસ્તુમાં મૂર્છા નથી, કારણ કે તેઓશ્રી દર્શનમોહ અને ચારિત્રમોહથી મુક્ત છે.

ભગવાનને રક્ષક ઠરાવે તે ભગવાનનું સ્વરૂપ સમજ્યા નથી. અને જે ભગવાનનું

**નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને**
**કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.** **–શ્રી નિયમસાર**

સ્વરૂપ નથી સમજ્યા તેમણે આત્માનું સ્વરૂપ પણ નથી જાણ્યું. ખરેખર કોઈ ભગવાનની પ્રાર્થના કરતું નથી અને ભગવાન કોઈની પ્રાર્થના સાંભળતા નથી. ભગવાનને તો પહેલેથી જ જ્ઞાન હતું, તથા પ્રાર્થના કરનાર પોતાના ગુણને ઓળખી ગુણની પ્રાર્થના ભગવાનને સંબોધીને કરે છે; પણ અંદર ભાન છે કે ભગવાનનું અવલંબન મારા અશુભરાગ ટાળવા માટે છે, ભગવાન મને કાંઈ આપી દેતા નથી. મૂર્તિ તો જડ છે, તેમાં ભગવાન બેઠા નથી. જેને પરથી નિરાળા આત્માના વીતરાગ સ્વરૂપની ઓળખાણ છે પણ હજી તેવી પૂર્ણ દશા પ્રગટી નથી તેથી અધૂરી દશામાં અશુભરાગ ટાળવા શુભરાગનું અવલંબન આવે છે અને તે શુભરાગમાં ભગવાનનો નિમિત્ત તરીકે આરોપ કરે છે; પણ ભગવાનની ભક્તિથી આત્માને ધર્મ લાભ થાય એમ બનતું નથી. માત્ર અશુભથી બચવા પૂરતા શુભરાગના નિમિત્ત તરીકે ભગવાનને લ્યે છે.

ભગવાનની મૂર્તિ કે દેરાસર સાથે મારા ધર્મનો સંબંધ નથી, મારો ધર્મ આત્મા સાથે છે એમ સ્વભાવ તરફના જ્ઞાનના લક્ષે–અશુભથી બચવા શુભમાં જોડાય તો અશુભ ટાળવા પૂરતો લાભ મળે.

ધર્મ એટલે આત્માનો સ્વભાવ; તે આત્મામાં જ ભર્યો છે, પણ જ્યારે તેમાં સ્થિર નથી રહી શકતા ત્યારે જ્ઞાનીને વચ્ચે શુભરાગ અને શુભરાગના નિમિત્તો પ્રતિમા વગેરે આવે છે; પણ પ્રતિમા પર વસ્તુ છે, ખરેખર પ્રતિમાને કોઈ પગે લાગતું નથી પણ અંદર પોતાના ગુણનું બહુમાન કરીને બાહ્યમાં ભગવાન ઉપર આરોપ કરીને બોલે છે.

“ધર્મ મારૂં નિર્મળ સ્વરૂપ છે, આપે જે પૂર્ણ પવિત્રતા પ્રગટ કરી છે તે જ મારું સ્વરૂપ છે.” એમ પવિત્રતાનું જ્ઞાન હોય અને સંભારે તો ભગવાનને નિમિત્ત કહેવાય, પણ નિમિત્તથી સંભારતો નથી, સંભારે ત્યારે નિમિત્ત કહેવાય છે. જેને પવિત્ર જ્ઞાતા સ્વરૂપની ઓળખાણ છે અને પૂર્ણ દશા પ્રગટી નથી તેને પવિત્રતાના સ્મરણમાં નિમિત્ત કહેવાય, પણ જો પવિત્ર સ્વભાવનું ભાન ન હોય તો પવિત્રતાનું નિમિત્ત પણ કહેવાય નહીં. શુદ્ધ સ્વભાવની પ્રતીતિ સહિતનું જ્ઞાન હોય ત્યારે યાદ કરે તો શુભરાગનું નિમિત્ત કહેવાય, એટલો પ્રતિમાનો અવકાશ છે. કોઈ સમજ્યા વિના મૂર્તિને ઊડાડે તો તે અજ્ઞાની છે, અને કોઈ મૂર્તિથી જ રાગ કે ધર્મ માની બેસે તો તે પણ અજ્ઞાની છે.

સ્વભાવદૃષ્ટિએ ભગવાનના આત્મામાં અને મારામાં ફેર નથી; પણ અવસ્થા

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.** **–શ્રી નિયમસાર**

દૃષ્ટિએ હજી મારી અધૂરાશ છે. એમ પ્રથમ સ્વભાવદૃષ્ટિ જાણ્યા પછી સ્મરણ કરે તો પવિત્રતાનું નિમિત્ત કહેવાય.

‘ભગવાનનું સ્મરણ કરીએ તો સંકટ ટાળી દેશે’ એમ માને તે અજ્ઞાની છે, તેને તો શુભનું નિમિત્ત પણ તે ન કહેવાય. અશુભથી બચવા પોતે શુભમાં વલણ રાખે છે અને બહારના સંકટનો સંયોગ સહેજે ટળી જાય છે ત્યારે નિમિત્તથી એમ બોલાય કે ભગવાને સંકટ ટાળ્યા. સાચા ભાન પછી રાગ ટળે નહીં ત્યાંસુધી રાગની દિશા પલટે, વીતરાગ ન થાય ત્યાંસુધી પ્રશસ્તરાગમાં સાચા દેવ-ગુરુનું નિમિત્ત આવે છે. જે જાતની ભૂમિકા હોય ત્યાં તેવાં જ નિમિત્ત હોય. સમ્યગ્દર્શન પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ હોય, પણ વ્રત-તપ ન હોય. સમ્યગ્દર્શનમાં વ્રત—તપ ન હોય પણ નિશંકતા વગેરે આઠ આચાર તો સમ્યક્ત્વનો સહજ સ્વભાવ છે. સમ્યગ્દર્શન પહેલાં સંસારની પ્રીતિ ટાળવા અને આત્મા તરફની પ્રીતિ થવા માટે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, બહુમાન સહેજે હોય જ છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન મેળવવા માટે તો વ્રત-તપ હોય ને?

ઉત્તર :—સમ્યગ્દર્શન પહેલાં સાચાં વ્રત-તપ હોઈ શકે નહિ. વ્રત-તપ તો સ્વરૂપના ભાન પછી સ્થિરતાના પુરુષાર્થમાં સહેજે થઈ જાય છે. પ્રથમ મન, વાણી, દેહથી નિરાળું જે તત્ત્વ જ્ઞાનાદિ અનંત ગુણોથી પરિપૂર્ણ છે તેની પ્રતીતિ વગર સ્થિરતાનો પુરુષાર્થ આવશે ક્યાંથી? વીતરાગ થયા પહેલાં શુભરાગમાં પ્રતિમા વગેરે નિમિત્ત હોય ખરા, પણ તે આત્માને લાભ કરી શકે નહીં. સાક્ષાત્ તીર્થંકરદેવ પણ મને લાભ કરી શકે એમ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે.

અંદરમાં સ્થિરતા ક્યારે થાય? કે જ્યારે દૃષ્ટિનો વિષય લક્ષમાં આવ્યો ત્યારે; વસ્તુ પોતે જ સ્થિરતાસ્વરૂપ છે તેથી દૃષ્ટિનો વિષય લક્ષમાં આવ્યા પછી સ્થિરતાનો પ્રશ્ન જ નહિ ઊઠે. સંયોગ કે ઊપાધિ રહિત મારું સ્વરૂપ છે એવા નિશ્ચયરૂપ સ્થિરતાનું કારણ પ્રગટ્યું તેને સ્થિરતારૂપ કાર્ય પ્રગટવાની શંકા ન હોય. (ક્રમશઃ)



**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે ‘સાર’ પદ યોજેલ છે. ૩.** **–શ્રી નિયમસાર**



# તત્ત્વનિર્ણયની દુર્લભતા

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૩ બુધવાર)

જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. અનંતકાળથી આ આત્મા સંસાર પરિભ્રમણ કરે છે, તેમાં વીતરાગ ભગવાન શું કહે છે તે તત્ત્વનો યથાર્થ નિર્ણય એક સેકંડ માત્ર પણ કર્યો નથી. તત્ત્વનું સ્વરૂપ સમજ્યા વિના પૂજા, દાન, શીલ, મહાવ્રત વગેરે અનંતવાર જીવ કરી ચૂક્યો છે, પણ સાચી સમજણના અભાવે હજુ સુધી સાચું સુખ મળ્યું નથી અને પરિભ્રમણનું દુઃખ ટળ્યું નથી.

સુખ તો દરેક જીવને વહાલું છે; પણ કર્મના નાશ વિના સુખ પ્રગટે નહિ, વીતરાગતા વિના કર્મનો નાશ થાય નહિ, ચારિત્ર વિના વીતરાગતા થાય નહિ, સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ચારિત્ર થાય નહિ, તત્ત્વના નિર્ણય વિના સમ્યગ્દર્શન-જ્ઞાન થાય નહિ અને સર્વજ્ઞના આગમના જ્ઞાન વિના તત્ત્વનો નિર્ણય થાય નહીં. હવે તે તત્ત્વનિર્ણયરૂપ આગમનું જ્ઞાન એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને તો થઈ શકવા યોગ્ય નથી, કેમકે તેમને તો તત્ત્વ વિચારવાની શક્તિ જ નથી. મનુષ્યપણામાં પણ યથાર્થ શ્રદ્ધાનાદિ થવાં કઠણ છે. શ્રદ્ધાનાદિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે થવા કઠણ છે, પણ માત્ર સમ્યક્ભાન તો બાળ-ગોપાળ, રોગી-નિરોગી સર્વે કરી શકે છે. એ વાત આવી ગઈ છે.

વીતરાગ દેવ શું કહે છે એ તત્ત્વના નિર્ણય વિના જીવો પોતાના માનેલા વાડામાં ઊંધી દોટ મૂકી રહ્યા છે; પોતે શું માન્યું છે, પોતે જેને ગુરુ માને છે તે શું કહે છે અને વીતરાગનો માર્ગ શું છે એનો નિર્ણય કરતા નથી. વીતરાગનો માર્ગ તો ત્રણે કાળે એક જ હોય છે. સર્વજ્ઞ વીતરાગે કહેલા તત્ત્વના નિર્ણય વિના કદાચિત્ દયા, દાનાદિમાં કષાય મંદ પાડે તો શુભભાવનું પુણ્ય બાંધે, પણ તેમાં ધર્મ તો કિંચિત્ પણ ન થાય. વીતરાગ કહે છે તે સમજીને તેમાં ઠરવું તે એક જ પ્રકારનો માર્ગ ધર્મનો છે; માટે સૌથી પહેલાં તત્ત્વનિર્ણયરૂપ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જ યોગ્ય છે. આ આત્માએ સમ્યગ્દર્શન

**છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;**
**વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.**　　　**–શ્રી નિયમસાર**

કર્યા વિના સેવા-અનુકંપા કરી, કરોડો રૂપિયા દાનમાં ખર્ચ્યા, પણ આત્માનું સ્વરૂપ શું છે તે ન સમજ્યો; ભગવાનના નામે મોટા દાન કર્યાં, પણ ભગવાન શું કહે છે તે સમજ્યો નહીં તેથી ધર્મ થયો નહીં. ધર્મનો માર્ગ અપૂર્વ છે, પૂર્વે કદી સમજ્યો નથી. કરોડોમાં કોઈક જીવ આ નિર્ણય કરે છે; પણ જે જે નિર્ણય કરવા માગે તે નિર્ણય કરી શકે છે.

શરીરની ક્રિયા કે પૈસા તેનાથી ધર્મ તો નથી, પરંતુ પુણ્ય પણ તેનાથી નથી. પૈસા ઉપરની તૃષ્ણા ઘટાડે તો પુણ્ય થાય, પણ ધર્મ ન થાય—જન્મ-મરણનો અંત ન આવે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના નિર્ણય વિના અને ભગવાન આત્માનું એટલે કે પોતાનું સ્વરૂપ શું છે તેના નિર્ણય વિના ત્રણકાળ ત્રણલોકમાં કોઈ જીવની મુક્તિ થઈ નથી, થતી નથી અને થશે નહીં; તેથી જે જીવ પોતાનું હિત કરવા ઈચ્છે છે તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. હવે કહે છે કે તત્ત્વનિર્ણય કરવામાં કોઈ નુકશાન નથી :—

न क्लेशो न धनव्ययो न गमनं देशान्तरे प्रार्थना।
केषांचिन्न बलक्षयो न न भयं पीड़ा परस्यापि न।।
सावद्यं न न रोग जन्मपतनं नैवान्य सेवा न हि।
चिद्रूपस्मरणे फलं बहु कथं तन्नाद्रियंते बुधाः।।१।।

(તત્ત્વજ્ઞાનતરંગિણી અધ્યાય ૪, કલશ–૧)

ચિદાનંદસ્વરૂપ સિદ્ધ સમાન ભગવાન આત્મા, આ દેહરૂપી દેવળમાં ચૈતન્યમૂર્તિ છે; તે આત્માનો નિર્ણય કરવામાં–સ્મરણ કરવામાં કલેશ થતો નથી, ધનની જરૂર પડતી નથી, ધન ખર્ચવું પડતું નથી–એનો એવો અર્થ નથી કે ધનની તૃષ્ણા રાખીને આત્માનો વિશેષ નિર્ણય થાય. ધનની તૃષ્ણા તો પાત્ર જીવ ઘટાડે જ, પણ ધનની તૃષ્ણા ઘટાડવાથી પુણ્ય થાય, ધર્મ ન થાય. આત્માને ઓળખવા માટે ધન ખર્ચવું પડે નહીં, એટલે કે ધન ખર્ચ્યે આત્મા ઓળખાય નહીં.

પૈસા ખર્ચીને ધર્મ માનનારને કહે છે કે ભાઈ! ધન ખર્ચીને ધર્મ મનાવનારા કુગુરુ તો તને અનંતવાર મળી ગયા અને તું પણ તેમાં ધર્મ માની બેઠો; પણ તેમાં ધર્મ હરામ છે. આત્માને ઓળખ્યા વિના કોઈને ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ ન થાય. આત્માને

**રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;**
**નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫. –શ્રી નિયમસાર**

ઓળખવા માટે નથી દેશાંતરે જવું પડતું કે નથી તે માટે કોઈની ભક્તિ કરવી પડતી ! કોઈની ભક્તિ કરવાથી ધર્મ થાય નહીં. હરામ છે કે તીર્થંકર કોઈને મોક્ષ આપી દે ! ભગવાનનું બળ ભગવાન પાસે રહ્યું, તે બીજાને કામ આવે નહીં. ભગવાને તો સત્ય માર્ગ બતાવ્યો, જે જીવ સમજે તેની મુક્તિ થાય. સાચો માર્ગ સમજે તેને નિમિત્ત તરીકે ભગવાન પ્રત્યે બહુમાન આવે, પણ કાંઈ ભગવાન કોઈને સમજાવી દેતા નથી. વળી આત્માનો નિર્ણય કરવામાં બળનો ક્ષય થતો નથી, ઊલટું આત્માની ઓળખાણથી તો ગુણની વૃદ્ધિ થાય છે એટલે કે નિર્મળ દશા પ્રગટે છે. વળી તે સાવદ્ય નથી એટલે કે આત્માની ઓળખાણ કરવામાં કોઈની હિંસા થતી નથી, તથા નથી તેમાં રોગ કે નથી તેમાં જન્મ–મરણ. આત્માના સ્વરૂપની ઓળખાણ કરવા માટે કોઈની સેવા કરવી પડતી નથી. આ રીતે આત્માની ઓળખાણ કરવામાં કોઈ મુશ્કેલી નથી, અને તેની ઓળખાણનું ઘણું જ ફળ મળે છે, તો પછી ડાહ્યા પુરુષો તેને કેમ આદરતા નથી ?

પરથી તદ્દન નિરાળો ભગવાન આત્મા અનંત ગુણો સહિત બિરાજી રહ્યો છે, પણ પોતાને તેની (પોતાના આત્માની) ઓળખાણ અનંત કાળથી નથી. પરંતુ તેની ઓળખાણ કરવામાં કોઈ મુશ્કેલી નથી અને તે ચિદ્રૂપ આત્માના સ્મરણનું ફળ ઘણું જ છે, તો પછી ડાહ્યા પુરુષો આવા તત્ત્વના જ્ઞાનને કેમ આદરતા નથી ? તેનો ઉત્તર એ છે કે જીવને પોતાના તત્ત્વની રુચિ જ સત્સમાગમ વડે અનંત કાળમાં થઈ નથી. બધાની સેવા કરીએ અને બધાનું સારું કહીએ તો ધર્મ થઈ જાય એમ માનનારા તદ્દન પાખંડી છે. બધા ધર્મને એક માનીને જૈનધર્મનો બીજા ધર્મ સાથે જે સમન્વય કરવા માગે છે તે વીતરાગદેવના કહેલા તત્ત્વનું ખૂન કરે છે. અમૃત સાથે ઝેરના સમન્વય ન હોય. જે તત્ત્વનિર્ણય ન કરે તેના આત્માનું કલ્યાણ કદી થાય નહીં, અને રખડવું મટે નહીં; માટે જે આત્મતત્ત્વની સન્મુખ થઈને તત્ત્વનિર્ણય નથી કરતા તેને ઠપકો આપે છે કે :—

साहीणे गुरुजोगे जेण सुणंतीह धम्मवयणाई।
ते धिट्ठदुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा॥

(મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૨૩)

જેને સત્સમાગમ–સત્ગુરુનો જોગ મળે છે, છતાં જેઓ ધર્મવચનોને સાંભળતા નથી, તત્ત્વનિર્ણય કરતા નથી. તે ધિષ્ટ અને દુષ્ટ ચિત્તવાળા મૂર્ખ છે. અરેરે ! અનંતકાળે

ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને
રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬. –શ્રી નિયમસાર

આવો અવતાર મળ્યો અને ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્માની ઓળખાણ ન મળે! ક્યાં અવતાર? ક્યાં શરણ? આત્મા દેહ-મન-વાણીથી જુદો છે તેનો નિર્ણય કરે નહિ, અને સત્સમાગમે સાંભળવા પણ નવરો થાય નહિ તે દુષ્ટ છે, પોતાની જ કાળજી વિનાનો છે. જે ભગવાનના માર્ગને સમજતા નથી તે ભવભય રહિત એવા ભડના દીકરા છે. ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાન પણ સંસારથી ડર્યા અને સ્વરૂપનું ભાન કરીને સંસારથી પાર તર્યા; જે સંસારથી ભગવાન પણ ડર્યા તે સંસારના ભયથી નહિ ડરનારા બધા ભડના દીકરા છે—ઊંધાઈમાં મહાન સુભટ છે.

તીર્થંકરદેવ તે જ ભવે મોક્ષ જવાના છે, પણ હજી રાજપાટમાં હોય ત્યાં ભાન તો છે કે આ રાગ મારું સ્વરૂપ નથી; છતાં વિચારે છે કે અહો! આ રાગ જ્યાં સુધી નહિ છોડું ત્યાં સુધી વીતરાગતા નહિ આવે. એમ ધારીને તેઓ પણ સંસારથી (રાગ-દ્વેષથી) હઠ્યા, અને સ્વરૂપમાં ઠરી ગયા—સ્વરૂપમાં સમાઈ ગયા. એ સંસારથી જેને ભય નથી લાગતો તે ઊંધાઈમાં મોટા સુભટ છે. સંસારની હોળી સળગાવવામાં હંમેશા તૈયાર! ત્યાં ભણવામાં વર્ષો ગાળે, પણ આત્માને સમજ્યા વિનાના ભણતર કેવા? આત્માના ભણતર સિવાયના બીજા ભણતર જ નથી. આત્માની ઓળખાણ વગર ઓઘીક વાડા, પંચાયત અને સંઘની હોળીમાં જ હાલ્યા ગયા, પણ વીતરાગ ભગવાન શું કહે છે તેનો નિર્ણય કરતા નથી તે મરીને ક્યાં જવાના? જ્ઞાનીને વ્યવહારધર્મમાં મગ્નતા હોતી નથી. એ તો સ્વરૂપની અસ્થિરતા છે તેથી દયા, વ્રત, પૂજા વગેરેના શુભભાવ આવી જાય છે. જે વકીલાત, નોકરી, વેપાર, ખાવા-પીવા વગેરેમાં રોકાણો અને તેમાં જ મગ્ન થઈ ગયો તે 'અશુભોપયોગી મિથ્યાદષ્ટિ' એવા ઈલ્કાબવાળો છે. તેની માન્યતા સર્વજ્ઞદેવથી ઊંધી છે, તેથી તે વીતરાગનો વેરી છે. તે બે રીતે પાપી છે. એક તો વિષય-કષાયાદિના અશુભભાવનું પાપ છે અને બીજું સર્વજ્ઞદેવથી ઊંધું માને છે તે ઊંધી માન્યતાનું અનંત પાપ છે. (ક્રમશઃ) ✻

---

**જ્યોં મતિહીન વિવેક બિના નર, સાજિ મતઙ્ગજ ઈંધન ઢોવૈ,**
**કંચન ભાજન ધૂલ ભરૈ શઠ, મૂઢ સુધારસસૌં પગ ધોવૈ,**
**બાહિત કાગ ઉડાવન કારણ, ડાર મહામણિ મૂરખ રોવૈ,**
**ત્યૌં યહ દુર્લભ દેહ 'બનારસિ', પાય અજાન અકારથ ખોવૈ.**

સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદગાદિ વૈભવયુક્ત જે,
પરમાત્મ તે કહેવાય, તદ્‌વિપરીત નહિ પરમાત્મ છે. ૭. –શ્રી નિયમસાર



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**लच्छीसंसत्तमणो जो अप्पाणं धरेदि कट्ठेण ।**
**सो राइदाइयाणं कज्जं साहेदि मूढप्पा ।।१६।।**

**અર્થ :—**જે પુરુષ લક્ષ્મીમાં આસક્તચિત્ત થઈને પોતાના આત્માને કષ્ટમાં રાખે છે તે મૂઢાત્મા, માત્ર રાજાઓનું અને કુટુંબીઓનું જ કાર્ય સાધે છે. ૧૬.

જે લક્ષ્મીમાં જ આસક્ત થઈ ગયો છે ને કાંઈ દાનાદિના શુભ પરિણામ પણ કરતો નથી, તે લક્ષ્મી તો રાજા કે કુટુમ્બીજનો લઈ જશે. તે પુરુષ પોતે લક્ષ્મીનો ખરો માલિક નથી, પણ રાજા કે કુટુમ્બીજનોના વતી તે લક્ષ્મીનું રખોપું કરી રહ્યો છે. પોતાની લક્ષ્મી તો ત્યારે કહેવાય કે જો પોતે શુભભાવ કરીને દાનાદિમાં ખર્ચે તો. જુઓ, ધર્માત્મા ચક્રવર્તીને ત્યાં પણ લક્ષ્મીના ઢગલા હોય છતાં અંદરમાં ધ્રુવ ચૈતન્યની પ્રીતિ છૂટીને લક્ષ્મીની પ્રીતિ થતી નથી, ચૈતન્યની રુચિ છોડીને લક્ષ્મીની જ રુચિમાં જે લીન થાય છે તેવા જીવોને અનંત સંસારના કારણરૂપ મમતા છે.

### ગાથા : ૧૭-૧૮

जो वड्ढारदि लच्छिं बहुविहबुद्धीहिं णेय तिप्पेदि ।
सव्वारंभं कुव्वदि रत्तिदिणं तं पि चिंतेदि ।।१७।।

ण य भुंजदि वेलाए चिंतावत्थो ण सुवदि रयणीये ।
सो दासत्तं कुव्वदि विमोहिदो लच्छितरुणीए ।।१८।।

**અર્થ :—**જે પુરુષ અનેક પ્રકારની કળા-ચતુરાઈ-બુદ્ધિ વડે લક્ષ્મીને માત્ર વધારે જાય છે પણ તૃપ્ત થતો નથી, એના માટે અસિ, મસિ અને કૃષિ આદિ સર્વ આરંભ કરે છે, રાત્રિ-દિવસ તેના જ આરંભને ચિંતવન કરે છે, વેળાએ ભોજન પણ કરતો નથી અને ચિંતામગ્ન બની રાત્રીમાં સૂતો (ઊંઘતો) પણ નથી, તે પુરુષ લક્ષ્મીરૂપ સ્ત્રીમાં

**પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,**
**તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.  –શ્રી નિયમસાર**

મોહિત થયો થકો તેનું કિંકરપણું કરે છે. ૧૭-૧૮.

લક્ષ્મી તો પૂર્વના પુણ્યના કારણે આવે છે. મૂઢ જીવ એમ માને કે હું મારી ચતુરાઈથી લક્ષ્મી મેળવું છું, લક્ષ્મી મેળવવા માટે હિંસા કરે, જૂઠું બોલે; ચોરી કરે, ઈત્યાદિ અનેક ઉપાયો કરીને લક્ષ્મી મેળવવા માંગે છે અને રાત્રિ-દિવસ તે લક્ષ્મીમાં જ મોહિત થયો છે, તે જીવ લક્ષ્મીનો કિંકર છે—જડનો દાસ છે. અરે ! અનંતકાળે મોંઘો મનુષ્યદેહ મળ્યો, સત્ સમાગમ મળ્યો, આ ટાણે આત્માનું હિત કરી લેવા જેવું છે, એવો આત્મહિતનો વિચાર પણ કરતો નથી ને રાત-દિવસ ચોવીસે કલાક પૈસાનો ભિખારી થઈ રહ્યો છે તે જીવ પૈસાનો કિંકર થઈને મનુષ્યપણું ગુમાવી દે છે. મૂઢ જીવ આત્માને ચૂકીને લક્ષ્મીનો ચાકર થાય છે. અરે ભાઈ! આત્માને ઓળખીને તેનું કિંકરપણું કર. અહો ! હું તો અનંત કેવળજ્ઞાન લક્ષ્મીનો સ્વામી છું—એમ ચૈતન્યનો મહિમા લાવીને તેની રુચિ કર. જેને ચૈતન્યનો મહિમા ને રુચિ થાય તેને લક્ષ્મી વગેરેની તીવ્ર મમતા ન રહે.

### ગાથા—૧૯

जो वड्ढमाणलच्छिं अणवरयं देदि धम्मकज्जेसु ।
सो पंडिएहिं थुव्वदि तस्स वि सहला हवे लच्छी ।।१९।।

**અર્થ :—**જે પુરુષ પુણ્યોદયથી વધતી જતી જે લક્ષ્મી, તેને નિરંતર ધર્મકાર્યોમાં આપે છે, તે પુરુષ પંડિતજનો વડે સ્તુતિ કરવા યોગ્ય છે અને તેની જ લક્ષ્મી સફળ છે. ૧૯.

જે જીવને પૂર્વના પુણ્યના ઉદયથી લક્ષ્મી વધતી જાય છે તે લક્ષ્મીને જે જીવ નિરંતર ધર્મ કાર્યોમાં ખર્ચે છે તે પુરુષ પ્રશંસનીય છે. ધર્માત્માને ત્યાં લક્ષ્મી હોય તો હંમેશ-હંમેશ ધર્મના નવા-નવા મહોત્સવ કાઢ્યા કરે, રોજ-રોજ નવા મહોત્સવ નિમિત્તે ધર્મ કાર્યોમાં તે પોતાની લક્ષ્મીને વાપર્યા કરે છે, તે લક્ષ્મી ખર્ચ્યે ખૂટતી નથી. ધર્મીને શ્રદ્ધા છે કે પુણ્યના ફળમાં લક્ષ્મી મળે તે લક્ષ્મી ખર્ચવાથી ખૂટતી નથી, તે પુણ્ય ખૂટતાં લક્ષ્મી ખૂટશે. પૈસા ખરચતાં પુણ્ય ખૂટી જવાના નથી, ને પુણ્ય ખૂટ્યાં તો પૈસા રહેવાના નથી, માટે ધર્મ કાર્યોમાં તેને લક્ષ્મી ખરચવામાં કંજુસાઈ થતી નથી, ઉલ્ટું સત્કાર્યમાં લક્ષ્મી ખરચતાં નવા પુણ્યની વૃદ્ધિ થશે. અજ્ઞાનીને પૂર્વના પુણ્યનો વિશ્વાસ નથી, ને ધ્રુવ ચિદાનંદ આત્માની

**જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯. –શ્રી નિયમસાર**

પણ શ્રદ્ધા નથી તથા લક્ષ્મી વગેરેને તે ખરેખર અનિત્ય જાણતો નથી, તેથી મમતાથી તેને સ્થિર રાખવા માગે છે. ધર્મીની દૃષ્ટિમાં શુદ્ધ આત્માની ભાવના નિરંતર હોય છે. તેમ જ બહારમાં ધર્મ-પ્રભાવના વગેરે કાર્યમાં લક્ષ્મી ખરચવાનો ભાવ તેને નિરંતર હોય છે. ધર્મીને ચૈતન્યની રુચિપૂર્વક પોતાના પરિણામમાં ધર્મનો પ્રેમ છે તેની આ વાત છે. જગતમાં દેવ-ગુરુ-ધર્મના જે કાર્યો છે તે તો થયા જ કરે છે, પણ જીવને ધર્મની રુચિપૂર્વક પ્રભાવના વગેરેના ભાવ આવ્યા વિના રહેતા નથી.

જુઓ, આ શાસ્ત્ર નિર્ગ્રંથ દિગંબર ભાવલિંગી સંતનું રચેલું છે. તેમની પાસે કાંઈ પરિગ્રહ હોતો નથી, વારંવાર આત્માના આનંદમાં લીન થઈ જાય છે, એવા સંતોને કાંઈ તારી લક્ષ્મીની જરૂર નથી, પણ જેને ધર્મની પ્રીતિ હોય તેવા જીવને દાનાદિમાં લક્ષ્મી ખર્ચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. ધર્મની પ્રીતિવાળા વિવેકી જીવને પોતાના પરિણામમાંથી રાગાદિ ઘટાડવા માટે ધર્મકાર્યમાં લક્ષ્મી વગેરે ખર્ચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. જુઓ ! કેટલાક જીવો ધાર્મિક કાર્યની સામે જોતા નથી ને બહારમાં લૌકિક કાર્યોમાં ધન વગેરે વાપરે છે, એવા જીવોને ધર્મનો વિવેક નથી. અહીં તો કહ્યું કે ધર્મકાર્યમાં લક્ષ્મી વાપરવાનો જેને ઉત્સાહ છે તેને પોતાને ધર્મની પ્રીતિ છે, તેથી તેવા જીવને પંડિત પુરુષો પ્રશંસે છે. મૂઢ જીવોને તો વિવેક નથી, તેથી કોઈ લગ્ન વગેરેમાં વેશ્યા નચાવવામાં હજારો રૂપિયા ખર્ચી નાખે તેવા જીવના પણ વખાણ કરે છે. પણ પંડિત પુરુષો તેવાને વખાણતા નથી. જેને આત્માના સ્વભાવ પ્રત્યે બેહદ બહુમાન પ્રગટ્યું છે અને બહારમાં નિમિત્ત તરીકે સર્વજ્ઞદેવનું જિનમંદિર, પાત્રદાન વગેરેમાં લક્ષ્મી ખર્ચવાનો ઉત્સાહ આવે છે, તેને સંસારના અનુરાગ કરતાં ધર્મના નિમિત્તો પ્રત્યેનો, સાધર્મી જીવો પ્રત્યેનો અનુરાગ વધી જાય છે. અજ્ઞાની તો કહે કે અરે! આરંભ થાય! એમ માનીને જિનમંદિર વગેરેના કાર્યનો નિષેધ કરે છે. તેને ધર્મનું કે ધર્મના નિમિત્તનું ભાન નથી. ત્રિલોકનાથ તીર્થંકરના વિરહે સમ્યગ્દૃષ્ટિને ભગવાનની પ્રતિમાજી પૂજા-ભક્તિનો ભાવ ઉલ્લસ્યા વિના રહેતો નથી. જેમ પરદેશ ગયેલા પતિનો ફોટો જોવાનું પત્નીને મન થાય છે તેમ ધર્માત્માને સર્વજ્ઞદેવ પ્રત્યેનું બહુમાન છે, તેથી તેમના પ્રતિમાજી વગેરેને દેખતાં ભક્તિ આવ્યા વિના રહેતી નથી ને દેવ-ગુરુની પ્રભાવના વગેરેમાં પોતાનો ભાવ ઉલ્લસ્યા વિના રહેતો નથી. દસ લાખની મૂડીવાળાનો દીકરો પરણતો હોય તો ત્યાં લક્ષ્મી વાપરવાનો ઉત્સાહ કેમ આવે છે? તેમ પાત્ર જીવોને જિનમંદિર-પ્રતિષ્ઠા-યાત્રા-પાત્રદાન વગેરે ધર્મ કાર્યમાં લક્ષ્મી વાપરવાનો ભાવ આવે છે. જે લક્ષ્મી જિનેન્દ્રદેવની પૂજા-પ્રતિષ્ઠા વગેરે ધર્મકાર્યમાં વપરાય તે જ સફળ છે. (ક્રમશઃ) ❋


# શ્રી નાટક સમયસાર
## પુણ્ય-પાપ અધિકારનો સાર,

જેનો બંધ વિશુદ્ધ ભાવોથી થાય છે તે પુણ્ય અને જેનો બંધ સંક્લેશભાવોથી થાય છે તે પાપ છે. પ્રશસ્ત રાગ, અનુકંપા, કલુષતારહિત ભાવ, અરહંત આદિ પંચ પરમેષ્ઠીની ભક્તિ, વ્રત, સંયમ, શીલ, દાન, મંદકષાય આદિ વિશુદ્ધભાવ પુણ્યબંધના કારણ છે અને શાતા, શુભ આયુષ્ય, ઊંચ ગોત્ર, દેવગતિ આદિ શુભનામ પુણ્યકર્મ છે. પ્રમાદ સહિત પ્રવૃત્તિ, ચિત્તની કલુષતા, વિષયોની લોલુપતા, બીજાઓને સંતાપ આપવો, બીજાઓનો અપવાદ કરવો, આહાર, પરિગ્રહ, ભય, મૈથુન—ચારે સંજ્ઞા, ત્રણે કુજ્ઞાન, આર્ત–રૌદ્રધ્યાન, મિથ્યાત્વ, અપ્રશસ્ત રાગ, દ્વેષ, અવ્રત, અસંયમ, બહુ આરંભ, દુઃખ, શોક, તાપ, આક્રંદન, યોગોની વક્રતા, આત્મપ્રશંસા, મૂઢતા, અનાયતન, તીવ્રકષાય, આદિ સંક્લેશભાવ છે– પાપબંધના કારણ છે. જ્ઞાનાવરણીય, અશાતા, મોહનીય, નરકાયુ, પશુગતિ, અશુભ નામ, નીચ ગોત્ર, અંતરાય આદિ પાપકર્મ છે.

અશુભ પરિણતિ અને શુભ પરિણતિ બન્ને આત્માના વિભાવ છે, બન્નેય આસ્રવ-બંધરૂપ છે, સંવર-નિર્જરાનાં કારણ નથી, તેથી બન્નેય મુક્તિના માર્ગમાં ઘાતક હોવાથી પાપ અને પુણ્ય બન્નેય એક જ છે. જોકે બન્નેનાં કારણ, રસ, સ્વભાવ, ફળમાં અંતર છે તથા પુણ્ય પ્રિય અને પાપ અપ્રિય લાગે છે, તોપણ સોનાની બેડી અને લોઢાની બેડીની જેમ બન્નેય જીવને સંસારમાં સંસરણ કરાવનાર છે. એક શુભોપયોગ ને બીજો અશુભોપયોગ છે, શુદ્ધોપયોગ કોઈ પણ નથી તેથી મોક્ષમાર્ગમાં એકેયની પ્રશંસા નથી, બન્નેય હેય છે, બન્ને આત્માના વિભાવભાવ છે, સ્વભાવ નથી, બન્ને પુદ્‌ગલજનિત છે, આત્મજનિત નથી, એનાથી મોક્ષ થઈ શકતો નથી અને કેવળજ્ઞાન પણ પ્રગટ થતું નથી.

આત્મામાં સ્વભાવ, વિભાવ બે પ્રકારની પરિણતિ થાય છે, સ્વભાવ પરિણતિ તો વીતરાગભાવ છે અને વિભાવ પરિણતિ રાગ-દ્વેષરૂપ છે. આ રાગ અને દ્વેષમાંથી દ્વેષ તો સર્વથા પાપરૂપ છે પરંતુ રાગ પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારનો છે, તેમાં પ્રશસ્ત રાગ પુણ્ય છે અને અપ્રશસ્ત રાગ પાપ છે. સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા પહેલાં સ્વભાવભાવનો ઉદય જ થતો નથી માટે મિથ્યાત્વની દશામાં જીવની શુભ અથવા અશુભરૂપ વિભાવ પરિણતિ જ રહે છે, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થયા પછી કર્મનો સર્વથા અભાવ થતાં સુધી સ્વભાવ અને વિભાવ બન્ને પરિણતિ રહે છે, ત્યાં સ્વભાવ પરિણતિ સંવર-નિર્જરા અને મોક્ષની ઉત્પત્તિ કરે છે અને વિભાવ પરિણતિ બંધને જ ઉત્પન્ન કરે છે. એનો ખુલાસો આ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૨ ઉપર)



# પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

## વચનામૃત–૧૨

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.

**'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.'**

શું કહ્યું? આત્મા વસ્તુ છે તેવી દૃષ્ટિ તે સમ્યગ્દર્શન. દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે પર્યાયદૃષ્ટિ નાશ થઈ. દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે; તે તો પર્યાયથી આગળ—પાતાળમાં

—ધ્રુવ પડ્યું છે. આખા આત્મા ઉપર પર્યાય છે. પણ તે પર્યાયની અંદરમાં—પાતાળમાં

—ધ્રુવ છે. પર્યાયનું તળિયું ધ્રુવ છે, પર્યાય ઉપરટપકે છે. અહા! આવી ભાષાય ન મળે ક્યાંય! આત્મામાં બે પડખાં છે : એક ધ્રુવપણું ને એક પર્યાય—પલટવાપણું. અરે! પર્યાયનું તળિયું તો ધ્રુવ છે; એ તળમાં પહોંચ્યા વિના દ્રવ્યની દૃષ્ટિ થઈ શકશે નહિ. એ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ તેને હવે આત્માના તળ ઉપર જ દૃષ્ટિ છે. જોયું! એટલે શું? ધ્રુવ ઉપર જ દૃષ્ટિ થઈ છે.

અહા! જગતનાં ભાગ્ય કે આવી ભાષા બહાર આવી. ભાષા જુઓ! એકદમ ટૂંકી, સાદી અને ગુજરાતી.

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી—દ્રવ્યની, પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ વસ્તુ છે તેની, દૃષ્ટિ પ્રગટી—તેને ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. પર્યાય ઉપર-ઉપર છે, તે ધ્રુવ તળિયામાં પ્રવેશી શકતી નથી; તેલનાં ટીપાં પાણીના દળમાં પ્રવેશતાં નથી, ઉપર-ઉપર જ રહે છે તેમ. દૃષ્ટિ પોતે પર્યાય છે, તેનો વિષય ધ્રુવ તળ છે.

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.** **–શ્રી નિયમસાર**

**'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'**

દૃષ્ટિ તળ ઉપર છે તેથી દૃષ્ટિરૂપ પર્યાય—પરિણતિ તળ સાથે એકમેક—અભેદ થઈ ગઈ છે એમ કહેવાય. ખરેખર પર્યાય એકમેક એટલે કે દ્રવ્ય નથી થઈ જતી; પણ દૃષ્ટિ પહેલાં ધ્રુવ તળ ઉપર નહોતી તે હવે ધ્રુવ તળ ઉપર એકાગ્ર છે તેથી તેને તળમાં એકમેક થઈ ગયેલી કહેવાય છે.

૧૨મો બોલ ચાલે છે. દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. શું કહે છે? કરવાનું આ જ છે. વસ્તુ અંદર ધ્રુવ તળ છે, અને જે પર્યાય છે તે ઉપર-ઉપર છે. વસ્તુ એટલે કે દ્રવ્ય; તે ત્રિકાળ ધ્રુવ, પરિપૂર્ણ, અશુદ્ધતા રહિત, પર્યાય વિનાની ચીજ છે. તેના ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શન થાય છે. આવી, તત્ત્વની એકદમ ઊંડી વાત છે ને! કરવું શું? તો આ કરવું : પર્યાયભેદનું લક્ષ છોડી અંદર ત્રિકાળી તળિયું—ધ્રુવ પડ્યું છે તેને દૃષ્ટિમાં લેવું. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે તેનો ઉપયોગ ગમે તે ઠેકાણે—બહારમાં—જાય પણ તેને અંદર આશ્રય તળનો જ છે, રુચિનું જોર પરિપૂર્ણ વસ્તુ ઉપર જ છે. ધ્રુવની દૃષ્ટિ કહો, દ્રવ્યની દૃષ્ટિ કહો કે સામાન્યનું જોર કહો—બધાંનું ધ્યેય ત્રિકાળી અખંડ શુદ્ધ ચૈતન્ય છે. એ ધ્રુવ તળિયામાં જવા માટે કોઈ વ્યવહારની અપેક્ષા નથી.

**'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'**

વર્તમાન પર્યાયને ધ્રુવ તળ તરફ વાળી તેને ધ્રુવ સાથે એકમેક થઈ—અભેદ થઈ એમ કહેવાય છે. ધ્રુવનું લક્ષ ચૂકીને પર્યાય રાગાદિમાં—બહારમાં—ભમતી હતી તેને ધ્રુવ સ્વભાવ બાજુ વાળી—એ પર્યાય એકમેક થવાનો અર્થ છે. પર્યાય—પલટતો અંશ કાંઈ ધ્રુવ થઈ જતો નથી, પરંતુ પર્યાય ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરે છે તેથી અભેદ થઈ એમ કહ્યું. અહા! આ તો સાદી ભાષા છે. આત્મા વસ્તુ છે, એમાં બે અંશ છે. એક પર્યાય-અંશ—પલટતો અંશ છે, ને એક એકરૂપ તળ ધ્રુવ-અંશ છે. અહીં પર વસ્તુની કાંઈ વાત નથી. પર્યાયમાં ધ્રુવ આવતું નથી એટલે કે ધ્રુવ પર્યાયરૂપ થઈ જતું નથી; તેથી ધ્રુવને ત્રિકાળી તળ-દ્રવ્ય–સામાન્ય કહેવામાં આવે છે. વર્તમાન અવસ્થા ધ્રુવ ઉપર ગઈ—દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ—તળ ઉપર દૃષ્ટિ થઈ તેથી તે પર્યાયને તેમાં અભેદ—એકમેક થઈ એમ કહેવાય છે.

ત્રિકાળી ધ્રુવ તળ છે તે જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. જેને ધર્મ કરવો છે તેણે

**અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.** –શ્રી નિયમસાર

ભૂતાર્થ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. દૃષ્ટિ પ્રગટ થતાં દ્રવ્ય કંઈ નવું પ્રગટતું નથી, દ્રવ્ય છે તે વસ્તુપણે તો છે જ. તેના તરફની દૃષ્ટિ થઈ, શ્રદ્ધામાં તેનો સ્વીકાર થયો, એટલે એની પર્યાયમાં દ્રવ્ય પ્રગટ્યું એમ પણ કહેવાય. ત્રિકાળી દ્રવ્યમાં જેવું સામર્થ્ય છે તેવું પર્યાયમાં પ્રગટ થયું તેથી દ્રવ્ય પ્રગટ થયું એમ કહેવાય.

પ્રભુ! તું વસ્તુ છે કે નહિ? વસ્તુ આખી છે તે શું એક સમયની પર્યાયમાં આવી જાય છે?—પલટતી પર્યાયમાં આવે? એકરૂપ રહેલી ચીજ પલટતી અવસ્થામાં કેમ આવી જાય? પલટતી અવસ્થામાં તો તેનું શ્રદ્ધાન ને જ્ઞાન આવે. બરાબર છે ને? તેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તે અપેક્ષાએ એમ કહેવાય કે દ્રવ્ય પ્રગટ્યું. પર્યાયમાં દ્રવ્યને માન્યું નહોતું, તેથી એને દ્રવ્ય નહોતું. દ્રવ્ય તો છે ભલે, પણ એને ક્યાં હતું? એ તો પર્યાય જેટલું જ દ્રવ્ય માનતો હતો. અહા! આકરી વાત છે પ્રભુ! જૈન માર્ગ બહુ આકરો! વીતરાગમાર્ગને લોકોએ અત્યારે વીંખી નાખ્યો છે. બધેય એમ જ છે. તોપણ અત્યારે હજારો સાંભળવા ને વિચારવા તૈયાર થઈ ગયા છે કે આ શી ચીજ છે!

સર્વજ્ઞ જિનેંદ્ર સિવાય જેટલા મતો છે તેમનામાં સર્વજ્ઞસ્વભાવી જીવતત્ત્વની પણ સાચી પ્રતીતિ નથી. સર્વજ્ઞસ્વભાવ વસ્તુનું તળ છે. તેની દૃષ્ટિ થતાં પર્યાય તળ સાથે—ધ્રુવ સાથે—એકમેક થઈ એમ કહેવામાં આવે છે. તેથી કંઈ દ્રવ્ય ને પર્યાય એક થઈ જતાં નથી. પર્યાય રાગમાં ને ગુણભેદમાં રોકાતી હતી, તે હવે દ્રવ્યસ્વભાવમાં રોકાણી એટલે દ્રવ્ય સાથે એકરૂપ થઈ ગઈ—એમ કહેવાય છે.

અહા! હિન્દી વચનામૃત-પુસ્તક હજી બહાર આવ્યું નહિ! (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ)

જ્યોતમાં નવું તેજ પૂરી આત્માર્થી જીવો પર ખરેખર મહાન અનહદ ઉપકાર કર્યો છે.

આવા ચમત્કારપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનભક્તિનો નવયુગ સર્જનાર એવા મહાન ઉપકારી પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ જીવનની છેલ્લી પળ સુધી પોતાના સ્વાનુભવસમૃદ્ધ જ્ઞાનભંડારમાંથી ભક્તોને ખૂબ ખૂબ આપ્યું. ભારતના સુપાત્ર જીવોને ન્યાલ કરી દીધા. ૯૧ વર્ષની ઉંમર સુધી અવિરતપણે વીતરાગવિજ્ઞાનની લહાણ કરી. છેવટે ભક્તોના ભાગ્ય ખૂટ્યાં. વિ.સં. ૨૦૩૭, કારતક વદ સાતમ, શુક્રવાર (તા. ૨૮-૧૧-૧૯૮૦)ના દિવસે કૃપાળુ ગુરુદેવે ભક્તોને નોધારા મૂકીને અંતર જ્ઞાયકની સાધનાયુક્ત સમાધિપરિણામમાં સ્વર્ગ પ્રતિ મહાપ્રયાણ કર્યું.

અહો! કૃપાળુ ગુરુદેવના ઉપકારભરપૂર મહિમાનું વર્ણન તો શું થાય! *(ક્રમશઃ)* ❋



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

પૂજ્ય ગુરુદેવનું અંતર સદા 'જ્ઞાયક....જ્ઞાયક... જ્ઞાયક, ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ, શુદ્ધ...શુદ્ધ...શુદ્ધ, પરમ-પારિણામિકભાવ' એમ ત્રિકાળિક જ્ઞાયકના આલંબનભાવે નિરંતર—જાગૃતિમાં કે નિદ્રામાં—પરિણમી રહ્યું હતું. શ્રી સમયસાર, નિયમસાર વગેરેનાં પ્રવચનો કરતાં કે ચર્ચાવાર્તા દરમ્યાન તેઓ જ્ઞાયકના સ્વરૂપનું અને તેના મહિમાનું મધુરું સંગીત ગાયા જ કરતા હતા. અહો! એ સ્વતંત્રતાના ને જ્ઞાયકના ઉપાસક ગુરુદેવ! તેમણે મોક્ષાર્થીઓને સાચો મુક્તિનો રાહ બતાવ્યો!

જ્ઞાયક તણી વાર્તા કરે, જ્ઞાયક તણી દ્રષ્ટિ ધરે,
નિજદેહ-અણુઅણુમાં અહો! જ્ઞાતૃત્વરસ ભાવે ભરે;
જ્ઞાયકમહીં તન્મય બની જ્ઞાતૃત્વને ફેલાવતો,
કાયા અને વાણી-હૃદય જ્ઞાતૃત્વમાં રેલાવતો.

—આવા જ્ઞાયકોપાસક હતા આપણા ગુરુદેવ.

તેઓશ્રી દ્રવ્ય-અપેક્ષાએ 'સિદ્ધસમાન સદા પદ મેરો' એમ અનુભવતા હતા તોપણ પર્યાય-અપેક્ષાએ 'અમે ક્યારે સિદ્ધપણું પ્રગટ કરીએ!' એમ ભાવના ભાવતા હતા. સિદ્ધપણાની તો શું, પણ સંયમની ભાવનારૂપે પણ તેઓ પરિણમતા હતા. 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ શીતળ જ્યાં છાયા જી' એમ અનેકવાર ભાવવિભોર લલકારથી તથા 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?.....' એમ હૃદયના ઊંડાણથી દૈનિક પ્રવચનોમાં તેમ જ શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠામાં દીક્ષાકલ્યાણકના પ્રાસંગિક પ્રવચનમાં વિવિધ પ્રકારે સંયમની ભાવના ભાવતા ગુરુદેવની પાવનમૂર્તિ ભક્તોની નજર સમક્ષ તરે છે.

'સિદ્ધસમાન પોતાને પૂર્ણ શુદ્ધ દેખે-માને છતાં સંયમની ભાવના ભાવે?' હા. શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ શુદ્ધ પોતાને દેખતા—માનતા હોવા છતાં વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ થવાની જ્ઞાનીને ભાવના અવશ્ય હોય છે. ગુરુદેવ આવી શાસ્ત્રોક્ત યથાર્થ સંધિબદ્ધ સમ્યક

પરિણતિએ પરિણમી રહ્યા હતા. ખરેખર તો શુદ્ધસ્વરૂપના દ્રષ્ટા સમ્યગ્દષ્ટિ જીવને જ સાચી સંયમની ભાવના હોય છે, કારણ કે તે સંયમપરિણતિનું સાચું સ્વરૂપ જાણે છે. મિથ્યાદષ્ટિને સાચી સંયમની ભાવના હોતી જ નથી, કારણ કે તેને સાચા સંયમની ખબર નથી.

'બહેનશ્રીનાં વચનામૃત'ના ૩૮૦મા બોલમાં કહ્યું છે કે :—'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.' જેમ પૂજ્ય ગુરુદેવ શક્તિ-અપેક્ષાનો આ બોલ વારંવાર ઉલ્લાસપૂર્વક યાદ કરતા હતા, તેમ વ્યક્તિ-અપેક્ષાનો સિદ્ધત્વ પ્રાપ્ત કરવાની ભાવનાનો ૪૦૧મો બોલ પણ અનેક વાર ઉલ્લસિતભાવે યાદ કરીને પ્રસન્નતાથી કહેતા :—જુઓ ! બેન કેવી ભાવના ભાવે છે ? 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?....અમે હવે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'

આવું, અનેકાંતસુસંગત યથાર્થ સંધિવાળું પૂજ્ય ગુરુદેવનું જીવન આપણને સાચોમાર્ગ ચીંધી રહ્યું છે. તે પવિત્ર જીવન આપણને કોઈ પણ શુભભાવોમાં નહિ સંતોષાઈ જતાં ધ્રુવ તત્ત્વના આલંબનના પુરુષાર્થની પ્રબળ પ્રેરણા આપી રહ્યું છે; વળી 'હું ધ્રુવ છું' એવી દૃઢતાની સાથે સાથે 'અમે અમારા મૂળ વતનમાં જવા તલસીએ છીએ' એવી ભીનાશ પણ રહેવી જોઈએ, નહિ તો 'ધ્રુવ તત્ત્વ'ની સમજણના પ્રકારમાં જ કાંઈક ભૂલ છે એમ ચેતવી, દીવાદાંડીરૂપ રહી, આપણી જીવનનૌકાને ખરાબાવાળા માર્ગેથી બચાવી લઈ, આપણને સાચા માર્ગે દોરે છે. શ્રી સદ્ગુરુદેવની સ્તુતિમાં આપણે ગાઈએ છીએ ને—

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

—અહા! આ રીતે પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવનું સ્વાનુભવવિભૂષિત પવિત્ર જીવન તથા અધ્યાત્મોપદેશ આપણને અત્યંત ઉપકારક થઈ રહ્યાં છે.

વસ્તુતઃ પૂજ્ય ગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાનતાનો એક અદ્ભુત યુગ પ્રવર્તાવ્યો છે. **'मेरो धनी नहि दूर दिसंतर, मोहिमें है मोहि सूझत नीकै'** એવો જોરદાર સિંહનાદ કરી ગુરુદેવે સર્વજ્ઞવીતરાગપ્રણીત સ્વાનુભૂતિપ્રધાન જિનશાસનની ઝંખાયેલી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, તેના તરફનું જ્ઞાન અથવા પંચમહાવ્રતના વિકલ્પરૂપ વ્યવહારરત્નત્રયના ભાવ વાસ્તવમાં આત્મા નથી—તે તો ઠીક; પરંતુ તે આત્માની પર્યાય પણ નથી તેવું કેમ હોઈ શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે વ્યવહાર રત્નત્રયનો ભાવ તે ખરેખર આત્મા નથી, તેમ જ તે ખરેખર આત્માની પર્યાય પણ નથી, કેમ કે તેની સાથે આત્માની અભેદતા નથી. જ્ઞાનની અવસ્થા થાય તે જ આત્માની પર્યાય છે અને તે જ્ઞાન આત્મા સાથે અભેદ થતું હોવાથી જ્ઞાન તે જ આત્મા છે. રાગ તે અનાત્મા છે.

સમ્યગ્દર્શન પહેલાં કષાયની મંદતાથી વિશુદ્ધિલબ્ધિ વગેરે ભલે હો, પણ તે આત્મા નથી તેમ જ તે સમ્યગ્દર્શનનું ખરું કારણ નથી, તે તો રાગ છે. આ રાગ છે તે સત્ય આત્મા નથી ને આત્મામાં તેની અભેદતા થતી નથી, તેથી તે ખરેખર આત્માની પર્યાય નથી. રાગાદિભાવો સસલાંનાં શીંગડાની જેમ જગતમાં બિલકુલ અભાવરૂપ નથી, આત્માની અવસ્થામાં એક સમય પૂરતા તે સત્ છે પણ આત્માના ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ તે અસત્ છે.

શ્રોતા :—આત્માનુભવ કરવા માટે પહેલાં શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પહેલાં એ નક્કી કરવું કે હું શરીરાદિ પરદ્રવ્યોનું કાંઈ જ કરી શકતો નથી અને વિકાર થાય છે તે કર્મથી થતો નથી પણ મારા પોતાના જ અપરાધથી થાય છે એમ નક્કી કર્યા પછી વિકાર તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છું—એમ નિર્ણય કરીને જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની સન્મુખ થવાનો અંતર પ્રયત્ન કરવો.

શ્રોતા :—પહેલાં વ્રતાદિનો અભ્યાસ તો કરવો ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પહેલાંમાં પહેલાં રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ કરવો. રાગથી ભેદજ્ઞાનના અભ્યાસ વિના વ્રતાદિનો અભ્યાસ કરે એ તો મિથ્યાત્વનો અભ્યાસ કરે છે.

શ્રોતા :—આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો વિચાર—મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે.

---

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ)

રીતે છે કે "જાવત શુદ્ધોપયોગ પાવત નહીં મનોગ, તાવત હી ગ્રહણ જોગ કહી પુન્ન કરની"ની રીતે સમ્યગ્દષ્ટિ શ્રાવક અને મુનિ, પાપ પરિણતિથી બચીને શુભોપયોગનું અવલંબન લે છે અને શુભ પરિણતિ તેને આસ્રવ જ ઉત્પન્ન કરે છે. તેને જે ગુણશ્રેણીરૂપ નિર્જરા થાય છે તે શુદ્ધોપયોગના બળથી થાય છે, શુભોપયોગ તો આસ્રવ જ કરે છે. ભાવ એ છે કે જેટલા અંશે રાગ છે તેટલા અંશે બંધ છે અને જેટલા અંશે જ્ઞાન તથા નિશ્ચયચારિત્ર છે તેટલા અંશે બંધ નથી, તેથી પુણ્યને પણ પાપ સમાન હેય જાણીને શુદ્ધોપયોગનું શરણ લેવું જોઈએ.

---

(અનુસંધાન પેજ નં. ૨૩ થી ચાલુ)

ચાલ્યા જાય છે, નયની લક્ષ્મી ક્યાં ચાલી ગઈ તે દેખાતી નથી, પ્રમાણ અસ્ત થઈ ગયું ને નિક્ષેપોનો સમૂહ ક્યાં ચાલ્યો ગયો તે કાંઈ ખબર પડતી નથી. બધા રાગવાળા નયના પક્ષપાતો છૂટી જાય છે અને સહજ પરિણતિ કે જે જીવનું સ્વરૂપ છે તે એમ ને એમ રહી જાય છે. તે કાળે ઉપયોગ દ્રવ્ય—પર્યાય બધાયને જાણે છે. ઉપયોગ પ્રમાણરૂપ અને શુદ્ધનયરૂપે પરિણતિ છે.

---

## ક્ષ....મા....પ....ના

**આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું.**

**—તંત્રી**

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;
કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨. –શ્રી નિયમસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✻ શ્રોતા :—જેમ સ્વભાવને ગ્રહણ કરવાનો અભ્યાસ વધતો જાય તેમ એમાં શું બળ આવતું હશે ?

પૂજ્ય બહેનશ્રી :—તેને અભ્યાસ અંતરમાંથી થવો જોઈએ. અંતરમાંથી અભ્યાસ થાય તો બળ આવે. અભ્યાસ થતાં તેની મેળાએ જ તેને દૃઢતા આવી જાય કે રસ્તો આ જ છે. ગમે તેવા ઊંચા વિકલ્પ હોય, તે વિકલ્પ જ છે. તેનાથી મારો સ્વભાવ જુદો છે. બધા વિકલ્પ આકુળતારૂપ છે, શુભ વિચારો તો વચ્ચે આવે છે, પણ મારું જે નિરાળું અસ્તિત્વ છે તે જુદું જ છે, એમ પોતાને ગ્રહણ થવું જોઈએ.

✻ શ્રોતા :—હું સામાન્ય દ્રવ્ય છું એમાં શું બધું આવી જાય ?

પૂજ્ય બહેનશ્રી :—હું સામાન્ય દ્રવ્ય છું એમાં બધું આવી જાય; પણ તેથી શું ? સ્વભાવ ગ્રહણ થવો જોઈએ ને ? સામાન્યરૂપે હું છું, હું છું એમ આવે. પણ હું કોણ છું ? કયા સ્વભાવે છું ? મારું સ્વરૂપ શું છે ? એ ગ્રહણ થવું જોઈએ. અનાદિથી શરીરમાં પોતાનું અસ્તિત્વ માન્યું છે; પણ શરીર તો સ્થૂલ છે. એનાથી આગળ જાય તો વિકલ્પમાં પોતાનું અસ્તિત્વ માને છે; પણ મારું જ્ઞાયકપણું જુદું જ છે એમ માનતો નથી. ક્ષણે ક્ષણે પર્યાયો થાય તેમાં પોતાનું અસ્તિત્વ માન્યું છે, પણ હું તો શાશ્વત ટકનારો છું એમ સ્વભાવ ગ્રહણ થવો જોઈએ. એને માટે એટલી તેની લગની હોય, અંતરમાંથી મહિમા લાગે, ઊંડો જઈને પુરુષાર્થ કરે તો ગ્રહણ થાય. ધીમે કરે કે જલદી કરે પણ કરવાનું એક જ છે. તે ન થાય ત્યાં સુધી તેની જિજ્ઞાસા, તત્ત્વના વિચારો, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા, શ્રુતનું ચિંતવન કર્યા કરે, પણ કરવાનું એક જ છે. બહારના જીવો ક્યાંય પડ્યા છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે અંતરમાં કરવાનું છે.

✻ શ્રોતા :—સ્વાનુભૂતિમાં ઉપયોગ છે તે પ્રમાણસ્વરૂપ છે કે નયસ્વરૂપ ?

પૂજ્ય બહેનશ્રી :—સ્વાનુભૂતિમાં ઉપયોગ પ્રમાણસ્વરૂપ છે, અને તે સહજરૂપે છે. દૃષ્ટિ પોતે એમ ને એમ છે અને જ્ઞાન પ્રમાણરૂપે છે. એ બધું નિર્વિકલ્પરૂપે છે. ત્યાં વિકલ્પવાળા નય–પ્રમાણ કાંઈ લાગુ પડતા નથી. સ્વાનુભૂતિના કાળમાં નયપક્ષ ક્યાંય

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૨ ઉપર)

## બાળ વિભાગ

## નીલી ની કથા

(જે પાપના ભયથી ન તો પોતે પરસ્ત્રી પાસે જવું અને ન તો બીજાઓને(પરસ્ત્રી પાસે) મોકલવું તે પરસ્ત્રીત્યાગ અથવા સ્વદારાસંતોષ નામનું અણુવ્રત (બ્રહ્મચર્યાણુવ્રત) કહેવાય છે.

અન્ય વિવાહકરણ (બીજાનો વિવાહ કરવો) અનંગક્રીડા, વિટત્વ, વિપુલ તૃષા અને ઈત્વકારિકાગમન—એ પાંચ બ્રહ્મચર્યાણુવ્રતના અતિચારો છે.

પ્રથમ અહિંસાણુવ્રતના પ્રભાવથી (યમપાલ) ચાંડાલ ઉત્તમ અતિ આદર—સત્કાર પામ્યો, સત્યાણુવ્રતના પ્રભાવથી ધનદેવ શેઠ સત્કાર પામ્યા, અચૌર્યાણુવ્રતના પ્રભાવે વારિષેણ પ્રસિદ્ધિ પામ્યા(આ કથા ફેબ્રુઆરી-૨૦૧૪ના અંકમાં આવી ગયેલ હોવાથી આપેલ નથી) બ્રહ્મચર્યાણુવ્રતને લીધે નીલી નામની વણિકપુત્રી આદર-સત્કાર પામી તે કથા અહીં આપવામાં આવે છે.)

લલાટ દેશમાં ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં વસુપાલ રાજા હતો અને જિનદત્ત નામનો વણિક હતો. તેની સ્ત્રીનું નામ જિનદત્તા હતું અને તેમની પુત્રીનું નામ નીલી હતું. તે અતિશય રૂપાળી હતી. ત્યાં જ સમુદ્રદત્ત નામનો બીજો શેઠ હતો, તેની સ્ત્રીનું નામ સાગરદત્તા અને પુત્રનું નામ સાગરદત્ત હતું.

એક દિવસ વસંતઋતુમાં મહાપૂજાને વખતે કાયોત્સર્ગમાં બેઠેલી સર્વ આભૂષણોથી વિભૂષિત નીલીને જોઈને સાગરદત્ત બોલ્યો :

“શું આ પણ કોઈ દેવી છે?” તે સાંભળીને તેના મિત્ર પ્રિયદત્તે કહ્યું :

“જિનદત્ત શેઠની આ પુત્રી નીલી છે.”

તેનું રૂપ જોઈને તે (સાગરદત્ત) ઘણો આસક્ત થયો અને ‘કેવી રીતે આ પ્રાપ્ત થાય’, એમ તેને પરણવાની ચિંતાથી તે દૂબળો થઈ ગયો. સમુદ્રદત્ત તે સાંભળીને બોલ્યો :

“હે પુત્ર! જૈન સિવાય બીજા કોઈને જિનદત્ત આ (પોતાની) વહાલી પુત્રીને પરણાવતો નથી. પછી તે બંને (પિતા—પુત્ર) કપટી શ્રાવકો થયા અને તેને પરણાવવામાં આવી. પછી તેઓ બંને (સમુદ્રદત્ત અને તેનો પુત્ર) ફરી બુદ્ધના ભક્તો થયા. નીલીને તેના પિતાના ઘેર જવાની પણ મનાઈ કરવામાં આવી. આ રીતે ઠગાઈ થતાં જિનદત્તે કહ્યું :

“આ મારી પુત્રી જ નથી અથવા કૂવાદિમાં પડી છે અથવા યમ તેને ઉપાડી ગયો છે. (મરી ગઈ છે.)”

**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩. —શ્રી નિયમસાર**

નીલી પોતાના પતિને વહાલી હતી, તેથી સસરાને ઘેર જુદા ઘરમાં જિનધર્મનું આચરણ કરતી હતી. બૌદ્ધ સાધુઓના દર્શનથી, સમાગમથી, તેમનાં વચન, ધર્મ અને દેવનાં નામ સાંભળવાથી કોઈ કાળે આ બુદ્ધની ભક્ત થશે એમ વિચાર કરીને સમુદ્રદત્તે નીલીને કહ્યું : ''પુત્રી, જ્ઞાની બૌદ્ધ સાધુઓને આપણી વતી ભોજન આપો.''

પછી તેણે બૌદ્ધ સાધુઓને આમંત્રી બોલાવ્યા અને તેમની એક એક જૂતીને બારીક પીસીને અને સંસ્કારીને (વઘારીને) તેમને જ ખાવા આપી. ભોજન કરીને જ્યારે તેઓ જવા લાગ્યા ત્યારે તેમણે પૂછ્યું : (''અમારી) જૂતીઓ ક્યાં છે?''

તેણે નીલીએ કહ્યું : ''આપ જ જ્ઞાનથી જાણી લો કે તે ક્યાં છે? જો જ્ઞાન ન હોય તો આપ વમન (ઊલટી) કરો, આપની જૂતીઓ આપના પેટમાં છે.'' એ રીતે વમન કરવામાં આવ્યું અને તેમાં જૂતીઓના કકડા જોવામાં આવ્યા. તેથી શ્વસુરપક્ષનાં માણસો રોષે ભરાયા.

પછી સાગરદત્તની બહેને કોપને લીધે તેના ઉપર પરપુરુષ સાથેના દોષનો (વ્યભિચારનો) જૂઠો આરોપ મૂક્યો, તે જાહેર થતાં તે નીલી જિનેન્દ્રદેવની આગળ ''દોષ દૂર થશે તો હું ભોજનાદિમાં પ્રવૃત્તિ કરીશ, નહિ તો નહિ'' એમ બોલીને (પ્રતિજ્ઞા કરીને) કાયોત્સર્ગે બેઠી. પછી ક્ષોભ પામેલા નગરદેવતાએ રાત્રે આવીને તેને કહ્યું : ''હે મહાસતી, આ રીતે પ્રાણત્યાગ ન કર. હું રાજાને, પ્રધાનોને અને પુરજનોને સ્વપ્નું દઉં છું કે બંધ થઈ ગયેલા નગરના દરવાજા મહાસતીના ડાબા ચરણસ્પર્શથી ખૂલશે, અને તે (દરવાજા) પ્રભાતમાં તમારા ચરણના સ્પર્શથી ખૂલશે, માટે તમે પાદથી દરવાજાનો સ્પર્શ કરજો.''

એમ કહીને રાજા વગેરેને તેવું સ્વપ્નું દઈને તે નગરદેવતાએ નગરના દરવાજા બંધ કરી દીધા. પ્રભાતમાં બંધ થઈ ગયેલા દરવાજા જોઈને રાજા વગેરેને તે સ્વપ્નું યાદ આવ્યું અને નગરની સ્ત્રીઓના ચરણથી દરવાજાઓનું તાડન કરાવરાવ્યું, પરંતુ કોઈ પણ દરવાજો કોઈથી ઊઘડ્યો નહિ. બધાની પછી નીલીને ઊંચકીને ત્યાં લાવ્યા, તેના ચરણસ્પર્શથી બધા દરવાજા ખૂલી ગયા અને નિર્દોષ નીલીનો રાજાદિએ પૂજાસત્કાર કર્યો.

**નીચે મુજબના પુસ્તકો વેચાણમાં આવી ગયા છે.**

**(૧) સમયસાર** (હિન્દી) **(૨) જિનેન્દ્ર પૂજા સંગ્રહ** (હિન્દી)

**(૩) વૈરાગ્ય ભાવના** (કાર્તિકેયનુપ્રેક્ષા ઉપર પ્રવચન) (ગુજરાતી)

**(૪) હરિવંશપુરાણ** (ગુજરાતી) **(૫) સર્વસામાન્ય પ્રતિક્રમણ** (ગુજરાતી)

ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪. –શ્રી નિયમસાર

સુરતનિવાસી શ્રીમતી શાંતાબેન હરિભાઈ પટેલ

હસ્તે શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર, સુરત દ્વારા

# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ૧૦૧મા મંગલ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી સાનંદ સંપન્ન

[તા. ૮-૮-૧૪ શુક્રવારથી ૧૨-૮-૧૪ મંગળવાર]

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં સુરતનિવાસી શ્રીમતી શાંતાબેન હરિભાઈ પટેલ હસ્તે શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર, સુરત દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૧૦૧મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવની શરૂઆતથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું. ઉત્સવના અગાઉના દિવસોથી જ ઘણા મુમુક્ષુઓ સુવર્ણપુરી આવી ગયા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી અને ભક્તોથી આખો મંડપ ભરાઈ ગયો, તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

**✻ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✻**

પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાનો લાભ દરરોજ સવારે મુમુક્ષુઓને પ્રાપ્ત થતો હતો. આ તત્ત્વચર્ચાથી વિવિધ પ્રાંતોમાંથી આવેલા મુમુક્ષુઓ અત્યંત પ્રસન્ન જણાતા હતા.

**શ્રી જંબૂદ્વીપ શાશ્વત જિનમંદિર-જિનબિંબ પૂજન વિધાન** :—આ પૂજન વિધાન માટે આયોજકો દ્વારા પરમાગમ મંદિરમાં એક આકર્ષક જરીનું મંડલ તૈયાર કરવામાં આવ્યું હતું જે મુમુક્ષુઓને અત્યંત દર્શનીય લાગ્યું હતું. પાંચ દિવસ ચાલેલા આ વિધાન પૂજનનો પંદરસોથી પણ અધિક મુમુક્ષુઓએ અત્યંત ઉત્સાહ તેમજ ભક્તિપૂર્વક લાભ પ્રાપ્ત કર્યો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો** :—મહોત્સવના પાંચે દિવસ સવારે શ્રી સમયસાર તથા રાત્રે પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં નિજાત્મહિતકારી સીડી પ્રવચનો થયાં, જેનો મુમુક્ષુઓએ અત્યંત ભક્તિભાવ તેમ જ ઉલ્લાસથી ભરપૂર લાભ લીધો.

**ધાર્મિક શિક્ષણવર્ગો** :— બા.બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. ભક્તિની સાથે સાથે મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો પણ લાભ મળે તે હેતુથી શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સુભાષભાઈ શેઠે (વાંકાનેર) સમયસાર તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા શ્રી અષ્ટપ્રાભૃત શાસ્ત્ર ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું. જે સર્વેમાં મુમુક્ષુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્ર વાંચન** :—બપોરે ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી રાજુભાઈ

કામદાર (રાજકોટ), શ્રી વિરાટભાઈ વોરા (અમદાવાદ), શ્રી નિરંજનભાઈ ડેલીવાળા (સુરત) તથા શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ) દ્વારા તલસ્પર્શી ભક્તિસભર ભાવવાહી પ્રવચનો થયાં હતાં.

**સાંજી ભક્તિ** :—ઉત્સવના દિવસોમાં આયોજક સુરતનિવાસી શ્રીમતી શાંતાબેન હરિભાઈ પટેલ તથા શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર, સુરત પરિવારજનો તથા અન્ય પરિવારોના સૌજન્યથી સાંજીભક્તિનો ભવ્ય કાર્યક્રમ થયો હતો.

**સાંસ્કૃતિક કાર્યક્રમો** :—આ મહોત્સવમાં આયોજક પરિવારજનો દ્વારા આયોજિત યુવક અને બાળકો દ્વારા વૈરાગ્ય તથા બોધપ્રેરક નાટિકાઓ, (૧) મહારાણી ચેલણાની ધર્મશ્રદ્ધા (૨) સુકુમારનો વૈરાગ્ય, ભક્તિનૃત્ય, ક્વીઝ, સંવાદ આદિ સાંસ્કૃતિક કાર્યક્રમ રોચક શૈલીથી પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, જે મુમુક્ષુઓને ઘણા પસંદ આવ્યા હતા.

**વિશેષ** :—આ મહોત્સવ દરમિયાન શ્રી જિનસેન આચાર્ય વિરચિત 'હરિવંશ પુરાણ' ગુજરાતી ભાષાંતર નામના નવીન પુસ્તકનું શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા, બ્ર. વ્રજલાલ શાહના વરદ હસ્તે સ્થાયી પુરસ્કર્તાઓ તથા મુખ્યદાતાઓની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું.

**✻ ભવ્ય રથયાત્રા ✻**

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની ભવ્યાતિભવ્ય રથયાત્રાનું આયોજન થયું હતું. શ્રીજીના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણા ઝુલનના ભવ્ય ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ વૃદ્ધ-ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં. રથયાત્રામાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઠેર ઠેર મુમુક્ષુઓ પોતાના વહાલા ભાવિ ભગવાનનું સ્વાગત કરી આરતી ઉતારતા હતા.

આ રથયાત્રામાં શ્રીજીને રથમાં બિરાજમાન કરવાનો લાભ શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટ તથા સારથી બનવાનો લાભ શ્રી હિતેષ સતિશભાઈ દોશી, પવઈને મળ્યો હતો. તથા પૂજ્ય માતાજીના પારણા ઝુલનના ફ્લોટનો લાભ શ્રીમતી શાંતાબેન હરિભાઈ પટેલ હસ્તે જયસુખભાઈ સુરતને મળ્યો હતો.

**✻ જન્મ મહોત્સવ શ્રાવણ વદી–૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ✻**

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના મહામંગલકારી જન્મોત્સવના મુખ્ય દિવસ શ્રાવણ વદી-૨ની વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુ દર્શન, તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી કાર્યક્રમનો શુભારંભ થયો. શ્રી જંબૂદ્વીપ વિધાન પૂજાની પૂર્ણાહુતી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના મહામંગળકારી પ્રવચનનો લાભ મળ્યો. કેટલીક જાહેરાત બાદ ભગવતી માતાની મંગલ જન્મવધાઈનો કાર્યક્રમ શરૂ થયો ને પછી તો ભક્તોમાં માતાજીને વધાવવા માટે જાણે કે પડાપડી થવા લાગી. ભક્તોનો ઉત્સાહ જાણે કે માતો જ નહોતો. ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા. દરેક કાર્યક્રમોમાં મંદિર તેમજ મંડપ મુમુક્ષુઓથી પૂરાં ભરાઈ જતાં હતાં.-

આ મહોત્સવનો લાભ લાભ લેવા માટે ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, કલકત્તા, હૈદરાબાદ, બેંગલોર, મદ્રાસ તથા વિદેશોથી ૨૦૦૦થી પણ અધિક મુમુક્ષુઓ પધાર્યા હતા.

આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાન પૂજા ૧૩૭ મહાનુભાવો તથા પ્રાસંગિક

મંડલવિધાન પૂજા ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત પૂજ્ય બહેનશ્રી જન્મોત્સવના પાંચે દિવસ મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુમંડળ માટે ભોજન (સ્વામિવાત્સલ્ય) જન્મોત્સવ આયોજક શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર, સુરત તરફથી તથા કાયમી જમણ ૧૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને કુલ ૬,૭૫,૮૨૫=૦૦ દાનરાશિ પ્રાપ્ત થઈ.

| | | |
|---|---|---|
| (૧) | ૧૦૧ના અંકમાં ૧૦૧ × ૨૪૮૫ | ૨,૫૦,૯૮૫=૦૦ |
| (૨) | પ્રાસંગિક વિધાન પૂજા ૧૦૦૧ × ૨ | ૨,૦૦૨=૦૦ |
| (૩) | રથયાત્રાની બોલી | ૧,૮૫,૦૦૦=૦૦ |
| (૪) | રૂા. ૫૦૦ની વધાઈના ૫૦૦ × ૨૬૯ | ૧,૩૪,૫૦૦=૦૦ |
| (૫) | શ્રી જિનેન્દ્ર આરતી | ૩,૧૩૮=૦૦ |
| (૭) | રથયાત્રા, પારણાઝૂલન અને જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૦૦,૨૦૦=૦૦ |
| | કુલ | ૬,૭૫,૮૨૫=૦૦ |

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર, સુરતનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવનો સમગ્ર ખર્ચ આયોજક પરિવાર તરફથી આપવામાં આવ્યો હતો.

## સમ્યક્ત્વ સાધનાતીર્થ વાંકાનેરમાં
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સ્મૃતિભવન ઉદ્‌ઘાટન આનંદ સહ સંપન્ન

સમ્યક્ત્વ સાધનાતીર્થધામ વાંકાનેરમાં શ્રાવણ વદ-૩, બુધવાર, તા. ૧૩-૮-૨૦૧૪ના રોજ ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં નવનિર્મિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સ્મૃતિભવનના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો. આ સ્મૃતિભવન માટે શ્રી મગનલાલ ન્યાલચંદ મહેતા પરિવારે પોતાની જગ્યા વાંકાનેર સંઘને ભેટ કરી હતી. આ ભવનના ઉદ્‌ઘાટન ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ તેમજ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટની અનાવરણ વિધિ સંપન્ન થઈ હતી તેમજ પૂજ્ય બહેનશ્રી સંબંધિત પુસ્તકો જિનવાણીરૂપે બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની સમગ્ર વિધિ બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ(વઢવાણ) તથા સહયોગીઓ દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. આ સ્મૃતિ ભવન તૈયાર કરવાની સંપૂર્ણ જવાબદારી શ્રી નિખિલભાઈ મહેતા તથા શ્રી સુભાષભાઈ શેઠે સંભાળી હતી. આ પ્રસંગે મુમુક્ષુઓ માટે રહેવાની તથા સ્વામીવાત્સલ્યની વ્યવસ્થા શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘે સુંદર રીતે કરી હતી. આ ઉત્સવમાં સોનગઢથી છ બસો દ્વારા મુમુક્ષુ ભાઈ-બહેનો વાંકાનેર પધાર્યા હતા.

## સુવર્ણપુરીમાં પ્રથમ દીપાવલી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૪-૧૦-૧૪, શુક્રવારથી તા. ૨૮-૧૦-૧૪, મંગળવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ આયોજિત તથા શ્રી દાદર દિ. જૈન મુમુક્ષુ મંડળના સૌજન્યથી પ્રથમ દીપાવલી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મંડળોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં દિવાળી વેકેશનને ધ્યાનમાં લઈ આ વિશિષ્ટ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત**

# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક–૮ (કુલ માર્ક્સ–૫૦)

**અભ્યાસ ક્રમ –મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય સાતમો (વ્યવહારાભાસી તથા સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદષ્ટિનું સ્વરૂપ)**

પરીક્ષાર્થીનું નામ : ................................................... ઉંમર : ..........
મંડળનું નામ : ................................................. ગામનું નામ : ................
ફોન નં.: ..................................................... તા. ૨૫-૮-૨૦૧૪

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન–૧ નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ચારથી પાંચ લીટીમાં ઉત્તર આપો. (૧૬)**

(૧) ''મોક્ષમાર્ગ તો બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે'' ઉપરોક્ત કથનનો ભાવ સમજાવો.
(૨) ''જિનમતમાં નિશ્ચય અને વ્યવહાર બે નય કહ્યા છે માટે અમારે બંને નયોને અંગીકાર કરવા'' એવું માનનારની શું ભૂલ છે?
(૩) 'સમયસારાદિમાં શુદ્ધ આત્માના અનુભવને નિશ્ચય તથા વ્રત-શીલ-સંયમની પ્રવૃત્તિને વ્યવહાર' કહ્યો છે તે કઈ રીતે ?
(૪) નિશ્ચય વ્યવહાર(મોક્ષમાર્ગ)નું સર્વત્ર કેવું લક્ષણ છે ? તે સમજાવો.
(૫) ''શ્રદ્ધાન નિશ્ચયનું રાખીએ તથા પ્રવૃત્તિ વ્યવહારની રાખીએ'' એ પ્રમાણે બંને નયોને અંગીકાર કરી શકાય કે નહીં ? શા માટે?
(૬) 'વ્યવહારનય અસત્યાર્થ છે' તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપવામાં આવે છે?

**પ્રશ્ન–૨ વિગતવાર ઉત્તર આપો. (કોઈપણ ત્રણ)(પાંચ થી ૬ લીટીમાં) (૧૫)**

(૧) સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદષ્ટિ કેવા ઉપાયો, ક્યાં સુધી કરે છે ?
(૨) ''જુઓ તત્ત્વવિચારનો મહિમા'' ચર્ચા કરો.
(૩) આ ઊભયાભાસી મિથ્યાદષ્ટિના અધિકારનું પ્રયોજન શું છે ?
(૪) ''જિનદેવ અન્યથાવાદી નથી'' તો તેમના ઉપદેશની પરીક્ષા શા માટે કરવી જોઈએ ?
(૫) વ્યવહારનય પરને ઉપદેશ દેવામાં જ કાર્યકારી નથી પરંતુ તેનાથી પોતાનું પ્રયોજન પણ સધાય છે, કઈ રીતે ?

**પ્રશ્ન–૩ નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૮)**

(૧) તત્ત્વવિચાર અને તત્ત્વ પ્રતીતિમાં શો ફરક છે?
(૨) પોતાની બુદ્ધિની અલ્પતાને કારણે જિનવચનોની પરીક્ષા અન્યથા થઈ જાય તો શું કરવું ?
(૩) શાસ્ત્રોમાં સમ્યક્ત્વ હોવા પહેલાં કઈ કઈ પાંચ લબ્ધિઓ કહી છે?
(૪) સમ્યક્ત્વનું મુખ્ય કારણ શું છે ? તેનું બાહ્ય નિમિત્ત શું છે ?
(૫) નિસર્ગજ અને અધિગમજ સમ્યક્ત્વનું સ્વરૂપ ટૂંકમાં સમજાવો.
(૬) શું સમ્યક્ત્વ પહેલાં વ્રતાદિ હોવાના નિયમ છે ? શા માટે ?
(૭) 'અમારે તો જિનદેવ તથા અન્યદેવ બધા વંદન કરવા યોગ્ય છે' તેવા શ્રદ્ધાનને મિશ્ર ગુણસ્થાન કહેવાય ?
(૮) સમ્યક્ત્વ થતાં તે જીવને કઈ કર્મપ્રકૃતિઓનો બંધ અટકી જાય છે ?

**પ્રશ્ન–૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર વીસ લીટીમાં નિબંધ લખો. (૧૧)**

(૧) ઊભયાભાસી જીવની માન્યતા અને પ્રવૃત્તિ કેવી હોય છે ? (૨) સમ્યક્ત્વ પ્રાપ્તિમાં તત્ત્વવિચારનું મહત્ત્વ. (૩) પાંચ લબ્ધિઓનું સ્વરૂપ ટૂંકમાં સમજાવો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

# વૈરાગ્ય સમાચાર :–

રાજકોટનિવાસી શાંતાબેન પ્રભુલાલ ઘીયા (ઉ.વ. ૧૦૦) તા. ૨૨-૦૬-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી ડૉ. દેવેન્દ્રભાઈ દોશી તા. ૨૪-૦૬-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અ.સૌ. રમાબેન હસમુખભાઈ શાહ (ઉ.વ. ૭૭) તે **JAIN SWADHYAY MANDIR SONGADH, U.S.A.** ના પ્રમુખશ્રી હસમુખભાઈ શાહના ધર્મપત્નીનું **U.S.A.** ના **TAMPA(FL)** મુકામે તા. ૨૬-૦૬-૨૦૧૪ રોજ દેહપરિવર્તન થયેલ છે. સદ્ગત ધાર્મિક વૃત્તિવાળા અને તત્ત્વરુચિ ધરાવતા પ્રતિભાશાળી મહિલા હોવા ઉપરાંત શાંત, સરળ અને સહૃદયી હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની છેલ્લી ૧૨૫મી (સવા શતાબ્દી) જન્મ મહોત્સવ પણ રમાબેને પોતાના પરિવાર સાથે અમેરિકામાં ભવ્ય રીતે ઉજવ્યો હતો.

ધાંગ્રધ્રાનિવાસી હાલ દાદર-મુંબઈ શ્રી રજનીકાંત છોટાલાલ શાહ (ઉ.વ. ૮૧) (તે શ્રી સુશીલાશ્રી, બ્ર. કંચનબેન, બ્ર. ચંદ્રાબેન, બ્ર. પુષ્પાબેનના ભાઈ) તા. ૩૦-૦૬-૧૪ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

મલાડનિવાસી નગીનભાઈ હરગોવિંદદાસ અજમેરાના ધર્મપત્ની સરોજબેન (ઉ.વ. ૭૭) તા. ૩૦-૬-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૧૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ જીવો અત્યારે કઈ ગતિમાં હશે જણાવો.

(૩૦૧) મહાવીર પ્રભુ ..................................

(૩૦૨) ગૌતમસ્વામી ..................................

(૩૦૩) સીમંધર પ્રભુ ..................................

(૩૦૪) કુન્દકુન્દસ્વામી ..................................

(૩૦૫) મરુદેવી માતા ..................................

(૩૦૬) ત્રિશલા માતા ..................................

(૩૦૭) ભરત ચક્રવર્તી ..................................

(૩૦૮) બાહુબલી ..................................

(૩૦૯) શ્રેણિક રાજા ..................................

(૩૧૦) સીતાજી ..................................

(૩૧૧) રામચંદ્રજી ..................................

(૩૧૨) હનુમાનજી ..................................

(૩૧૩) પૂજ્ય શ્રી કાનજીસ્વામી ..................................

(૩૧૪) પૂજ્ય બહેનશ્રી ..................................

(૩૧૫) તમે પોતે ..................................

(૩૧૬) લક્ષ્મણનો જીવ ..................................

(૩૧૭) રાવણનો જીવ ..................................

(૩૧૮) ગજસુકુમારનો જીવ ..................................

(૩૧૯) અંજના સતી ..................................

(૩૨૦) સુબાહુસ્વામી ..................................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ
# પ્રશ્ન ઓગસ્ટ-૨૦૧૪ના
# ઉત્તર

(૨૮૧) દાદા અને પૌત્ર
(૨૮૨) બંને બહેનો
(૨૮૩) માતા અને પુત્ર
(૨૮૪) ભાઈ-ભાઈ
(૨૮૫) પિતરાઈ ભાઈ
(૨૮૬) રાવણનો ભાણેજ જમાઈ
(૨૮૭) પિતા-પુત્ર
(૨૮૮) બનેવી-સાળા
(૨૮૯) પુત્ર-પિતા
(૨૯૦) ભાઈ-ભાઈ

(૨૯૧) પિતા-પુત્ર
(૨૯૨) સસરા અને વહુ
(૨૯૩) ભાઈ-ભાઈ
(૨૯૪) પુત્ર-માતા
(૨૯૫) પુત્ર-માતા
(૨૯૬) પત્ની-પતિ
(૨૯૭) વેવાઈ-વેવાઈ
(૨૯૮) ભાઈ-બહેન
(૨૯૯) પતિ-પત્નિ
(૩૦૦) પતિ-પત્ની

## (૧૬)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

**ભગવાન પાર્શ્વનાથના મોક્ષકલ્યાણક નિમિત્તે પ્રસ્તુત પ્રશ્નોના ઉત્તર પા થી શરૂ થશે**

(૩૦૧) ચોથા બાલયતિ તીર્થંકર સમ્મેદશિખરથી મોક્ષે ગયા તેમનું નામ....................

(૩૦૨) પાંચ ઉદમ્બર ફળમાંથી એકનું નામ ..........................

(૩૦૩) દુઃખના બુરા કાર્યને કહે છે ? ..........................

(૩૦૪) લવ-કુશ જ્યાંથી મોક્ષે ગયા છે ? ..........................

(૩૦૫) અધોલોકનું બીજું નામ ..........................

(૩૦૬) પ્રત્યક્ષજ્ઞાનનો એક ભેદ ..........................

(૩૦૭) પાંચ ભાવમાંથી એક ભાવ ..........................

(૩૦૮) કલ્યાણમંદિર સ્તોત્રમાં ક્યા ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે ?...............

(૩૦૯) કોને દાન આપવું જોઈએ ? ..........................

(૩૧૦) નવધા ભક્તિનો એક પ્રકાર ..........................

(૩૧૧) તીર્થંકર ભગવાન જ્યારે દીક્ષા લે છે ત્યારે શેમાં બેસીને વનમાં પ્રયાણ કરે છે ? ..........................

(૩૧૨) ઘાતિકર્મની ૪૭ પ્રકૃતિઓને કહેવામાં આવે છે. ..........................

(૩૧૩) બુદ્ધિ-ૠદ્ધિના ૧૮ પ્રકારમાંથી એક પ્રકાર ..........................

(૩૧૪) નારકીનું શરીર કોની જેમ વિખરાઈ જાય છે ? ..........................

(૩૧૫) સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરવા માટે સૌથી પ્રથમ શું કેળવવું જોઈએ ?....................

(૩૧૬) અગ્નિના સ્વભાવનો એક પ્રકાર ..........................

(૩૧૭) શ્રાવકનો એક ભેદ ..........................

(૩૧૮) જેના સ્પર્શ કરવાથી લોખંડ પણ સોનું બની જાય છે ? ..........................

(૩૧૯) તુજ............. પંકજ જ્યાં થયા તે દેશને પણ ધન્ય છે.

(૩૨૦) મારીચિના જીવે ૩૬૩ ................... મત ચલાવ્યા હતા.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ–૨૦૧૪ના ઉત્તર

**જોડી બનાવો (શાસ્ત્ર અને શાસ્ત્રના લખનાર)**

(૧) પ્રવચનસાર ............................... આચાર્ય કુંદકુંદદેવ
(૨) ભક્તામર સ્તોત્ર ............................... માનતુંગાચાર્ય
(૩) પદ્મપુરાણ ............................... આચાર્ય રવિષેણ
(૪) છહઢાળા ............................... પંડિત દોલતરામજી
(૫) યોગસાર ............................... આચાર્ય યોગીન્દુદેવ
(૬) રત્નકરંડ શ્રાવકાચાર ............................... શ્રી સમંતભદ્ર આચાર્ય
(૭) વિષાપહાર સ્તોત્ર ............................... કવિ ધનંજય
(૮) નાટક સમયસાર ............................... પંડિત બનારસીદાસજી
(૯) શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ............................... પંડિત ટોડરમલજી
(૧૦) તત્ત્વાર્થસૂત્ર ............................... શ્રી ઉમાસ્વામી આચાર્ય

**જોડી બનાવો (કોણ ક્યાંથી મોક્ષે ગયા.)**

(૧) ૨૦ તીર્થંકર ............................... સમ્મેદશિખર
(૨) રામ, હનુમાન વિ. ............................... માંગીતુંગી
(૩) દેશભૂષણ–કુલભૂષણ............................... કુંથલગિરિ
(૪) ગુરુદત્ત ............................... દ્રોણગિરિ
(૫) યુધિષ્ઠિર ............................... શત્રુંજય
(૬) નંગ–અનંગકુમાર ............................... સોનાગિરિ
(૭) બાલિ મુનિ ............................... કૈલાસપર્વત
(૮) લવ–કુશ ............................... પાવાગઢ
(૯) વાસુપૂજ્ય ભગવાન ............................... ચંપાપુરી
(૧૦) સાત બળભદ્ર ............................... ગજપંથા

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ શ્રુતની જે વાણી છે તે અચેતન છે તેમાં જ્ઞાન નથી આવ્યું માટે ભગવાન આત્મા ને દ્રવ્યશ્રુત ભિન્ન છે, એટલે કે દ્રવ્યશ્રુતથી આત્માને જ્ઞાન થતું નથી.

દ્રવ્યશ્રુતનું જ્ઞાન પણ ખરેખર અચેતન છે કેમ કે તે પરલક્ષી જ્ઞાન છે. સ્વલક્ષી જ્ઞાન નથી. દ્રવ્યશ્રુત જડ વાણી તે આત્મા નથી ને તેને સાંભળવાથી જ્ઞાન થાય તે પરલક્ષી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી. સ્વભાવને સ્પર્શીને થયેલું જ્ઞાન તે જ્ઞાન છે. દ્રવ્યશ્રુત તો જડ છે પણ તેના નિમિત્તે જે જ્ઞાન થાય તે પરસત્તાવલંબી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી. દ્રવ્યશ્રુતનાં જ્ઞાનથી આત્મા ભિન્ન છે. ૭૫

✻ ચારિત્ર તે ધર્મ અને તેનું મૂળ સમ્યગ્દર્શન તથા તેનું ફળ કેવળજ્ઞાન, તેની સામે કહે છે કે તું ભગવાન સ્વરૂપ છો પણ તેને ભૂલી જવું તે ભ્રમણા છે, એ ભ્રમણા પુણ્ય–પાપરૂપી અધર્મનું મૂળ છે અને તેનું ફળ સંસાર છે. ૭૬

✻ જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગજ્ઞાનથી ભરેલી છે તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે. ૭૭

✻ અરે ! અનાદિથી તને વિજ્ઞાનઘન આત્માની મહિમા બેઠી નથી. અનાદિથી બાહ્ય ચીજમાં આશ્ચર્યતાને કારણે પોતાના જ્ઞાનસ્વરૂપ કરતાં પરમાં કાંઈક વિશેષતા તથા વિસ્મયતા લાગતાં ત્યાંથી ખસતો નથી. ભગવાન આત્મા સર્વાંગે જ્ઞાનથી ભરેલો છે. એટલે કે અસંખ્ય પ્રદેશે જ્ઞાનથી ભરેલો છે. તેની અદ્‌ભુતતાને નિહાળવા એકવાર પ્રયત્ન તો કર ! ૭૮.

✻ પ્રશ્ન :—જાડીબુદ્ધિ હોય તો રાગ અને આત્માનું ભેદજ્ઞાન કેમ કરી શકે ?

ઉત્તર :—આત્માની બુદ્ધિ જાડી નથી. આત્માનો રસ ને રુચિ હોય તો બુદ્ધિ (આ વિષયમાં) કામ કરે છે. સંસારના કામનો રસ હોય છે તો ત્યાં બુદ્ધિ જાડી રહેતી નથી. બધા પડખાના વિવેક કરીને લાભ થાય તેમ કરે છે. જ્યાં રુચિ હોય ત્યાં વીર્ય કામ કરે છે, બુદ્ધિ કામ કરે છે, જો આત્માનો રસ જાગે, રુચિ જાગે તો વીર્ય પણ કામ કરે છે, બુદ્ધિ પણ કામ કરે છે, અને ભેદજ્ઞાન પામે છે. આત્માના કાર્ય માટે આત્માની સાચી રુચિની જરૂર છે. ૭૭.

Posted at Songadh PO
Publish on 1-09-2014
Posted on 1-09-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org